# FIA TIMES



**FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS**

(Gujarat's Largest Federation Representing Industries of Gujarat)

Editor : H. M. Patel



# રથયાત્રા : આસ્થા, પરંપરા અને લોકકલ્યાણનો દિવ્ય મહોત્સવ

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર ઉજવણી પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે આપણા આધ્યાત્મિક જીવન, સંસ્કાર, સમાજજીવન અને સાંસ્કૃતિક વારસાના જીવંત પ્રતીક છે. આવા જ પવિત્ર અને લોકઆસ્થાથી ઓતપ્રોત તહેવારોમાં ભગવાન શ્રીજગન્નાથજીની રથયાત્રાનું વિશિષ્ટ સ્થાન છે. અષાઢ સુદ બીજના પાવન દિવસે નીકળતી રથયાત્રા લાખો શ્રદ્ધાળુઓના હૃદયમાં ભક્તિ, સમર્પણ અને આનંદની અદ્‌ભૂત લાગણી જગાવે છે.

ભગવાન શ્રીજગન્નાથજીને ભગવાન શ્રીકૃષ્ણનું જ એક સર્વસમાવેશક અને લોકકલ્યાણકારી સ્વરૂપ માનવામાં આવે છે. ભગવાન બલભદ્રજી અને બહેન સુભદ્રાજી સાથે ભગવાન જગન્નાથજી જ્યારે ભવ્ય રથોમાં બિરાજમાન થઈને પોતાના ભક્તોને દર્શન આપવા માટે નગરવિહાર કરે છે, ત્યારે તેને રથયાત્રા તરીકે ઉજવવામાં આવે છે. આ પરંપરાનું મુખ્ય કેન્દ્ર ઓડિશાના પુરીધામમાં આવેલું શ્રીજગન્નાથ મંદિર છે, જ્યાં સદીઓથી આ દિવ્ય પરંપરા અવિરત રીતે જળવાઈ રહી છે.

રથયાત્રાનો આધ્યાત્મિક સંદેશ અત્યંત ગહન છે. ભગવાન પોતાના ભવ્ય મંદિરમાંથી બહાર આવીને સામાન્ય જનમાનસ સુધી પહોંચે છે, જે સમાનતા, કરુણા, સર્વસમાવેશકતા અને લોકમંગલની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. ભગવાનના દર્શન માટે કોઈ જાતિ, વર્ણ, પંથ કે સામાજિક ભેદભાવનું બંધન રહેતું નથી. આ મહોત્સવ આપણને એ સંદેશ આપે છે કે ઈશ્વર દરેક જીવમાં સમાન રીતે વસે છે અને ભક્તિનો માર્ગ સૌ માટે ખુલ્લો છે.

રથયાત્રા દરમ્યિાન દેશભરના ગામો, શહેરો અને મહાનગરોમાં ભક્તિનું અનોખું વાતાવરણ સર્જાય છે. રસ્તાઓ હરિનામના સંકીર્તન, ભજન, ઢોલ-નગારા, શંખનાદ અને જયઘોષથી ગૂંજી ઊઠે છે. હજારો શ્રદ્ધાળુઓ ભગવાનના રથને દોરડાથી ખેંચવાનું પોતાનું પરમ સૌભાગ્ય માને છે. વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા પાણી, છાશ, પ્રસાદ અને આરોગ્ય સેવાઓનું આયોજન કરવામાં આવે છે, જે ભારતીય સમાજની સેવા, સહકાર અને પરોપકારની પરંપરાને વધુ ઉજાગર કરે છે.

રથયાત્રા માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં સામાજિક એકતા અને સહઅસ્તિત્વનું જીવંત પ્રતીક પણ છે. આ પાવન પ્રસંગે લોકો પરસ્પર પ્રેમ, સૌહાર્દ, ભાઈચારો અને સહકારની ભાવનાથી જોડાય છે. સમગ્ર સમાજમાં સકારાત્મક ઊર્જા, આધ્યાત્મિકતા અને માનવસેવાનો સંદેશ પ્રસરે છે, જે રાષ્ટ્રના સાંસ્કૃતિક વૈભવને વધુ સમૃદ્ધ બનાવે છે.

અમદાવાદની ભગવાન શ્રીજગન્નાથજીની રથયાત્રા દેશની અતિપ્રસિદ્ધ અને ઐતિહાસિક રથયાત્રાઓમાંની એક માનવામાં આવે છે. જમાલપુર સ્થિત શ્રીજગન્નાથ મંદિરથી નીકળતી આ ભવ્ય યાત્રા દાયકાઓથી અડગ શ્રદ્ધા અને પરંપરાનું પ્રતીક બની રહી છે. ગજરાજા દ્વારા કરવામાં આવતી પહિંદ વિધિ, અખાડાઓના શૌર્યપ્રદર્શન, ભજનમંડળીઓ, સાંસ્કૃતિક ઝાંખીઓ અને લાખો ભક્તોની ઉપસ્થિતિ સમગ્ર શહેરને ભક્તિમય બનાવી દે છે. રાજ્યભરમાંથી તેમજ દેશ-વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓ માટે અમદાવાદની રથયાત્રા આસ્થા, સંસ્કૃતિ અને લોકભાગીદારીનો અવિસ્મરણીય અનુભવ બની રહી છે.

આજના આધુનિક અને વ્યસ્ત જીવનમાં રથયાત્રા આપણને આધ્યાત્મિક ચિંતન, સદાચાર, સેવા, સમર્પણ અને માનવતાના મૂલ્યોને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે છે. ભગવાન શ્રીજગન્નાથજીની કૃપાથી દરેકના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણનો પ્રકાશ પ્રસરે તથા સમગ્ર વિશ્વમાં પ્રેમ, એકતા અને માનવસેવાનો સંદેશ વ્યાપે – એ જ આ પવિત્ર રથયાત્રા મહોત્સવનો સાચો મર્મ છે.

FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)
"FIA BHAVAN", Plot No. R-11, New Green City, GIDC Housing Zone, Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026
99250 07221 fiagujarat@gmail.com
www.fiagujarat.com
@fiatweet1
www.facebook.com/fiagujarat

# અનુક્રમણિકા

**સંસ્થાકીય સમાચાર :**


| | | |
|---|---|---|
| ૧. | વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની તૃતીય બેઠક | ૫ |
| ૨. | વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની ચોથી બેઠક | ૬ |
| ૩. | એફ.આઈ.એ. નોર્થ ઝોનની વસાહતોની બેઠક | ૭ |
| ૪. | સરીગામ જીઆઈડીસી ખાતે વિવિધ કાર્યક્રમો | ૮ |
| ૫. | જી.સી.સી.આઈ.ના ઉપપ્રમુખશ્રીની એફ.આઈ.એ ભવન ખાતે મુલાકાત | ૯ |
| ૬. | માનનીય નાણામંત્રીશ્રી સાથે બેઠક | ૧૦ |
| ૭. | માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે બેઠક | ૧૧ |
| ૮. | બીલીમોરા જી.આઈ.ડી.સી.ના સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી | ૧૨ |
| ૯. | બજેટ-૨૦૨૬ સંદર્ભે વિશેષ ચર્ચા | ૧૩ |
| ૧૦. | જીસીપીસી કાર્યક્રમમાં એફ.આઈ.એ.ના પ્રમુખશ્રીનું સંબોધન | ૧૪ |
| ૧૧. | જીસીસીઆઈ ત્રિદિવસીય એન્યુઅલ ટ્રેડ એક્સપો | ૧૫ |
| ૧૨. | ઔદ્યોગિક સુરક્ષા માટે વટવા વસાહતની ઐતિહાસિક પહેલ | ૧૬ |


**વિશેષ :**


| | | |
|---|---|---|
| ૧૩. | "વિકસિત ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૬"નું ગહન વિશ્લેષણ | ૧૭ |
| ૧૪. | ગુજરાત ડેટા સેન્ટર પોલિસી (૨૦૨૬-૨૦૨૯) | ૧૯ |
| ૧૫. | Gujarat govt proposes establishment of 5 new GIDCs in Budget 2026 | ૨૧ |
| ૧૬. | ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭: 'વિકસિત ગુજરાત'ના નિર્માણનો રોડમેપ અને ઉદ્યોગો માટે નવી ક્ષિતિજો | ૨૨ |
| ૧૭. | આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની શાખ (Credit Rating) કેવી રીતે સુધારવી તેના પર માર્ગદર્શન | ૨૪ |
| ૧૮. | ઊર્જા કાર્યક્ષમતા : MSMEs માટે ખર્ચ ઘટાડવાનો અને આત્મનિર્ભર બનવાનો માર્ગ | ૨૫ |
| ૧૯. | ક્લસ્ટર-આધારિત વિકાસ : ગુજરાતના GIDC ઉદ્યોગોનું ઉજ્જવળ ભવિષ્ય | ૨૬ |
| ૨૦. | ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) પોલિસી ૨૦૨૫-૩૦ | ૨૭ |
| ૨૧. | ગુજરાતમાં MSME નોંધણીનો ૩૦ લાખનો આંકડો પાર : ઉદ્યોગોના ઔપચારિકીકરણની નવી ગાથા | ૨૯ |
| ૨૨. | ગુજરાતમાં જહાજ નિર્માણ (Shipbuilding) ક્ષેત્રે નવી આશાઓ અને પડકારો | ૩૦ |
| ૨૩. | ટેક્નોલોજી અપગ્રેડેશન : આજના સમયની અનિવાર્યતા અને અસ્તિત્વનો આધાર | ૩૧ |
| ૨૪. | વડોદરા રિઝનલ વાઈબ્રન્ટ સમીટ : મધ્ય ગુજરાતના ઉદ્યોગો અને MSMEs માટે 'ગ્લોબલ ગેટવે' | ૩૨ |


વાચક જોગ
અંકમાં પ્રસિદ્ધ થતા લેખો, મંતવ્યો કે અનુમાનો લેખકના અંગત અભિપ્રાય છે.
એફ.આઈ.એ.ની તે અંગે કોઈ સહમતિ કે જવાબદારી રહેતી નથી. - તંત્રી

Editor & Published By
H. M. PATEL



**નિર્મલકુમાર એમ. દુધાની**
**પ્રમુખશ્રી**

# પ્રમુખ સ્થાનેથી

**પ્રિય ઉદ્યોગસાહસિક મિત્રો,**

ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિએશન્સ દ્વારા પ્રકાશિત 'FIA TIMES'ના આ અંક દ્વારા આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં એમએસએમઈ ક્ષેત્ર, જી.આઈ.ડી.સી. એસ્ટેટ્સ તથા ઉદ્યોગ સંગઠનોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ રહી છે. રાજ્યના સર્વાંગી અને આત્મનિર્ભર વિકાસમાં ઉદ્યોગજગત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, જે ગૌરવની બાબત છે.

વિતેલા સમયગાળામાં દરમિયાન ગુજરાત સરકારે ઉદ્યોગલક્ષી અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો અને પહેલો અમલમાં મૂકી છે. ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી આ વિવિધ જોગવાઈઓ તથા સહાય યોજનાઓ ઉદ્યોગોના વિકાસ માટે નવી તકોનું સર્જન કરી રહી છે. ગુજરાતને વૈશ્વિક ઔદ્યોગિક કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવવાના આ પ્રયાસોમાં રાજ્ય સરકારનું દૃઢ વિઝન સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે.

એફ.આઈ.એ. હંમેશાં રાજ્યના ઉદ્યોગોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ રહ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન સભ્ય એસોસિએશનો અને ઉદ્યોગકારો દ્વારા રજૂ થયેલા વિવિધ સમસ્યાઓને સરકાર સમક્ષ સુવ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવ્યા છે. ખાસ કરીને જી.આઈ.ડી.સી. પ્લોટ ટ્રાન્સફર પર લાગતા સ્ટેમ્પ ડ્યૂટીના પ્રશ્નના નિરાકરણ માટે આપણે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ, સંબંધિત મંત્રીશ્રીઓ સાથે સતત સંવાદ, રજૂઆતો અને અનુસરણ કરવામાં આવ્યું છે. આ પ્રયાસોના પરિણામે સરકાર દ્વારા સકારાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો છે અને તેના સમાધાન તરફ મહત્ત્વપૂર્ણ પ્રગતિ થઈ રહી છે.

આપ સૌને વિશ્વાસ આપું છું કે એફ.આઈ.એ. માત્ર પ્રશ્નો રજૂ કરતું મંચ નથી, પરંતુ તેના યોગ્ય અને કાયમી ઉકેલ સુધી સતત સંઘર્ષ કરતું પ્રતિનિધિ સંગઠન છે. સ્ટેમ્પ ડ્યૂટી સહિતના બાકી રહેલા પ્રશ્નોના ઉકેલ માટે પણ આપણી લડત યથાવત રહેશે. ગુજરાતના દરેક જી.આઈ.ડી.સી. એસ્ટેટ, દરેક એમએસએમઈ અને દરેક ઉદ્યોગકારના હિતોની રક્ષા માટે આપણે હંમેશાં મક્કમપણે કાર્યરત રહીશું.

અંતમાં, આપણા સંગઠણમાં સતત વિશ્વાસ વ્યક્ત કરનાર તમામ સભ્ય એસોસિએશનો, ઉદ્યોગસાહસિકો તથા સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આપનો વિશ્વાસ, સહકાર અને સક્રિય ભાગીદારી જ અમારી સૌથી મોટી શક્તિ છે. આવનારા સમયમાં પણ સૌના સહયોગથી ગુજરાતના ઉદ્યોગોના હિત માટે વધુ અસરકારક રીતે કાર્ય કરતા રહીશું તેવી ખાતરી આપું છું.

**જય જય ગરવી ગુજરાત – જય ભારત.**

# તંત્રી સ્થાનેથી



**એચ. એમ. પટેલ**
**માનદ્ મંત્રી**

પ્રિય વાચકમિત્રો,

"FIA TIMES" ના નવીન અંકમાં આપનું હાર્દિક સ્વાગત છે. આ મેગેઝિન માત્ર સમાચારનું માધ્યમ નથી, પરંતુ ગુજરાતના ઉદ્યોગજગત, જી.આઈ.ડી.સી. એસ્ટેટ્સ, એમએસએમઈ ક્ષેત્ર અને ઉદ્યોગ સંગઠનો વચ્ચે માહિતી, માર્ગદર્શન અને વિચારવિમર્શનો વિશ્વસનીય સેતુ છે. બદલાતા ઔદ્યોગિક પરિપ્રેક્ષ્યમાં સમયસર અને પ્રમાણભૂત માહિતી દરેક ઉદ્યોગકાર સુધી પહોંચે તે અમારી મુખ્ય પ્રતિબદ્ધતા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના શરૂઆતનો આ સમયગાળો ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે નોંધપાત્ર રહ્યો છે. સરકાર દ્વારા રજૂ થયેલ રાજયના બજેટ-૨૦૨૬માં ઉદ્યોગલક્ષી વિવિધ જાહેરાતો, એમએસએમઈ માટેની નવી પ્રોત્સાહક જોગવાઈઓ, વિકસિત ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી-૨૦૨૬, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ - વડોદરાની ઉપલબ્ધિઓ તેમજ વિવિધ વિભાગોની સહાય યોજનાઓ અંગે આ અંકમાં વિસ્તૃત માહિતી સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અમારો હેતુ માત્ર માહિતી આપવાનો નથી, પરંતુ દરેક ઉદ્યોગકારને ઉપલબ્ધ તકોનો મહત્તમ લાભ મળે તે માટે માર્ગદર્શન પૂરું પાડવાનો છે.

આ સમયગાળા દરમિયાન એફ.આઈ.એ. દ્વારા સભ્ય ઉદ્યોગો અને એસોસિએશનોના પ્રશ્નોને સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા છે. ખાસ કરીને સ્ટેમ્પ ડ્યૂટીની સમસ્યા અંગે સતત રજૂઆતો, બેઠકો અને અનુસરણ કરવામાં આવ્યું છે. આ પ્રયત્નો માત્ર હાલના પ્રશ્નોના ઉકેલ પૂરતા મર્યાદિત નથી, પરંતુ ઉદ્યોગોને લાંબા ગાળે વધુ સરળ, પારદર્શક અને વ્યવસાય મૈત્રીપૂર્ણ વાતાવરણ ઉપલબ્ધ થાય તે દિશામાં પણ મહત્ત્વપૂર્ણ છે.

આજના સમયમાં ઉદ્યોગોને માત્ર સરકારી નીતિઓ જાણવી પૂરતી નથી; નવી ટેક્નોલોજી, ઓટોમેશન, ડિજિટલાઈઝેશન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ગ્રીન એનર્જી, ગુણવત્તા સુધારણા, વૈશ્વિક સપ્લાય ચેઈન અને નિકાસની નવી તકોને પણ સમાન મહત્ત્વ આપવું જરૂરી બન્યું છે. "FIA TIMES" આવનારા દરેક અંકમાં આવી ઉપયોગી માહિતી, નિષ્ણાતોના લેખો, સરકારી પરિપત્રોનું સરળ વિશ્લેષણ તથા ઉદ્યોગજગત માટે ઉપયોગી માર્ગદર્શિકા સતત પ્રસ્તુત કરતું રહેશે.

આપણા સહુના આ પ્રતિષ્ઠિત મેગેઝિનને વધુ ઉપયોગી અને માહિતીસભર બનાવવા માટે સભ્ય એસોસિએશનો, ઉદ્યોગસાહસિકો અને વાચકોના સૂચનો અમારે માટે અત્યંત મૂલ્યવાન છે. આપના પ્રતિસાદ અને સહભાગિતાથી જ "FIA TIMES" સતત વધુ ગુણવત્તાસભર પ્રકાશન બની રહ્યું છે.

અંતમાં, એફ.આઈ.એ. ઉપર અવિરત વિશ્વાસ વ્યક્ત કરવા બદલ તમામ સભ્ય એસોસિએશનો, ઉદ્યોગકાર મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આપનો વિશ્વાસ અને સહકાર અમને વધુ જવાબદારીપૂર્વક કાર્ય કરવાની પ્રેરણા આપે છે. આવનારા સમયમાં પણ ગુજરાતના ઉદ્યોગજગતના હિતમાં સચોટ, ઉપયોગી અને સમયોચિત માહિતી પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતા અવિચળ રહેશે.

આપનો વિશ્વાસ જ અમારી પ્રેરણા છે.

# એફ.આઈ.એ.માં નવું સભ્યપદ મેળવવા બદલ હાર્દિક અભિનંદન

## NEW FIA Times Members

Bhagwati Steel - Makarpura GIDC

Ghanshyam Brass Molding Works - Dared, Jamnagar GIDC

## NEW Associates Industries Members

Ghanshyam Brass Molding Works - Dared, Jamnagar GIDC

## અભિનંદન

એફ.આઈ.એ.ના સભ્ય એસોસીએશનમાં નવીન કારોબારી વરણી થવા બદલ નવ નિયુક્ત કારોબારી સભ્યશ્રીઓને એફ.આઈ.એ. પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

### હિંમતનગર જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

| | |
|---|---|
| શ્રી શ્યામભાઈ સલુજા | પ્રમુખશ્રી |
| શ્રી પરષોત્તમભાઈ પટેલ | માનદ્ મંત્રી |
| શ્રી અતુલભાઈ શાહ | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### સરિગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

| | |
|---|---|
| શ્રી કૌશિકભાઈ પટેલ | પ્રમુખશ્રી |
| શ્રી આનંદભાઈ પટેલ | માનદ્ મંત્રી |
| શ્રી દેવાંગભાઈ શાહ | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

| | |
|---|---|
| શ્રી અશોકભાઈ ગુપ્તા | પ્રમુખશ્રી |
| શ્રી શ્યામભાઈ વિજન | માનદ્ મંત્રી |
| શ્રી રત્નેશ્વરભાઈ ચોરસિયા | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### બિલીમોરા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

| | |
|---|---|
| શ્રી નગીનભાઈ પટેલ | પ્રમુખશ્રી |
| શ્રી રમેશચંદ્ર પટેલ | માનદ્ મંત્રી |
| શ્રી ઉદયભાઈ નેમાણી | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### મકરપુરા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ એન્ડ ચેરીટેબલ એસોસિએશન

| | |
|---|---|
| શ્રી બી.એન. ગીરી | પ્રમુખશ્રી |
| શ્રી હિતેશભાઈ પંચાલ | માનદ્ મંત્રી |
| શ્રી દીપકભાઈ પટેલ | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ એમ. શાહ | પ્રમુખશ્રી |
| શ્રી રાજેશભાઈ સી. ધાબલે | માનદ્ મંત્રી |
| શ્રી જયેશભાઈ વિસાવાડીયા | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### ભાવનગર ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

| | |
|---|---|
| શ્રી રવિન્દ્રભાઈ ડી. ઘેવરીયા | પ્રમુખશ્રી |
| શ્રી શૈલેશભાઈ કે. ભીકડિયા | માનદ્ મંત્રી |
| શ્રી અભયભાઈ એમ. હરસોરા | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

| | |
|---|---|
| શ્રી તેજસભાઈ કે. શેઠ | પ્રમુખશ્રી |
| શ્રી બૈજુભાઈ એસ. મેહતા | માનદ્ મંત્રી |
| શ્રી નિલેશભાઈ બી. નાણાવટી | ખજાનચી |

(તથા સર્વે નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

# વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની તૃતીય બેઠક









તા.૨૪-૦૩-૨૦૨૬ના રોજ સેક્ટર-૨૬, ગાંધીનગર સ્થિત ગેઝિયા સેમિનાર હોલ ખાતે ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિએશન્સના હોદ્દેદારશ્રીઓની અને કારોબારી સભ્યશ્રીઓની તૃતીય બેઠક એફ.આઈ.એ.ના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સફળતાપૂર્વક સંપન્ન થઈ.

એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી દુધાણીજીના માતૃશ્રી તથા ટ્રેઝરર શ્રી લાખાભાઈના મોટાભાઈના નિધન બદલ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરી મીટિંગની શરૂઆતમાં આવી હતી.

ત્યારબાદ મીટિંગના એજન્ડા પ્રમાણે ચર્ચા કરવામાં આવી હતી, જેમાં હાજર રહેલા તમામ સભ્યોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ,પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સભ્યોના સક્રિય સહયોગ અને મહત્ત્વના સૂચનો તથા હાજરી માટે એફ.આઈ.એ.ના સેક્રેટરીશ્રીના આભાર વચન સાથે આજની આ સભા ગરિમાપૂર્ણ રીતે પૂર્ણ હતી.

# વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની ચોથી બેઠક










તા. ૨૩-૦૬-૨૦૨૬ના રોજ વટવા જીઆઈડીસી, અમદાવાદ ખાતે એફ.આઈ.એ.ના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની ચોથી બેઠક પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાણીના અધ્યક્ષસ્થાને સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ બેઠકમાં એજન્ડા પ્રમાણે રાબેતા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી તથા જીઆઈડીસી વસાહતના વિવિધ પડતર પ્રશ્નોની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં અત્યારનો સૌથી અગત્યનો પ્રશ્ન 'સ્ટેમ્પ ડ્યુટી' અંગે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી, જેમાં હાજર રહેલા તમામ સભ્યોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સર્વે સભ્યો દ્વારા એ બાબતે પણ ખાસ ચર્ચા થઈ હતી કે જો સરકારશ્રી દ્વારા આ ગંભીર સમસ્યા અંગે ટૂંક જ સમયમાં કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો એફ.આઈ.એ. દ્વારા આગામી સમયમાં આગળની શું કાર્યવાહી કરવી.

અંતમાં, એફ.આઈ.એ.ના સેક્રેટરીશ્રીના આભાર વચન સાથે આ મહત્ત્વપૂર્ણ સભા ખૂબ જ ગરિમાપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ એફ.આઈ.એ.ના હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ તથા પોતાની વસાહત ખાતે આ સભાનું સુંદર આયોજન કરવા બદલ વટવા જી.આઈ.ડી.સી. એસોસિએશનના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા સર્વે ઉદ્યોગકારશ્રીઓનો એફ.આઈ.એ. પરિવાર આભાર વ્યક્ત કરે છે.

# એફ.આઈ.એ. નોર્થ ઝોનની વસાહતોની બેઠક





તા. ૨૩-૦૬-૨૦૨૬ના રોજ વટવા જી.આઈ.ડી.સી., અમદાવાદ ખાતે એફ.આઈ.એ. નોર્થ ઝોનની વસાહતોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાતની વિવિધ જી.આઈ.ડી.સી. વસાહતોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત સભ્ય ઉદ્યોગકારોએ પોતાની વસાહતોની રજૂઆત કરી હતી તથા તેના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વટવા જી.આઈ.ડી.સી. વસાહત ખાતે આ સભાનું સુંદર આયોજન કરવા બદલ વટવા જી.આઈ.ડી.સી. એસોસિએશનના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા સર્વે ઉદ્યોગકારોનો એફ.આઈ.એ. પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# સરીગામ જીઆઈડીસી ખાતે વિવિધ કાર્યક્રમો



તા. ૦૫-૦૬-૨૦૨૬ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે મેસર્સ મેકલિઓડ્સ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા એક પ્રશંસનીય પર્યાવરણીય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, જી.પી.સી.બી. - સરીગામ, જી.આઈ.ડી.સી. નોટિફાઇડ એરિયા - સરીગામ અને એસ.સી.આઈ. (CETP)ના વિશેષ સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત પ્રકૃતિના જતન માટે વૃક્ષારોપણ અને રોપા વિતરણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી નિર્મલકુમાર દુધાની સાહેબ, અન્ય અધિકારીશ્રીઓ, ઉદ્યોગપતિઓ તથા વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




તા. ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ જી.આઈ.ડી.સી. સરીગામ ખાતે એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી નિર્મલકુમાર દુધાની સાહેબની ઉપસ્થિતિમાં જી.આઈ.ડી.સી. સરીગામ અને ઈન્દ્રા ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્સીના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ "વેલ્થ ક્રિએશન સેમિનાર" યોજાયો હતો.




'વિશ્વ પર્યાવરણ દિવસ'ના ઉપક્રમે પર્યાવરણની જાળવણી અને પ્રકૃતિના સંવર્ધન અર્થે જી.આઈ.ડી.સી. સરીગામ ખાતે એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી નિર્મલકુમાર દુધાની સાહેબની ઉપસ્થિતિમાં એક પ્રશંસનીય અને ભગીરથ કાર્યક્રમનું સફળ આયોજન થયું. તારીખ ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ જી.પી.સી.બી. - સરીગામ જી.આઈ.ડી.સી. અને મેસર્સ શુભ સિન્થેટીક્સ - સરીગામના (સાજનકુમાર મોરારકા) સંયુક્ત ઉપક્રમે આ પર્યાવરણીય ડ્રાઈવ યોજાઈ હતી. આ વિશેષ ઝુંબેશ અંતર્ગત ઔદ્યોગિક વસાહતમાં હરિયાળી વધારવાના મક્કમ સંકલ્પ સાથે કુલ ૫૦૧ છોડનું રોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાદેશિક અધિકારી જીપીસીબી શ્રી ભદ્રેશભાઈ પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અધિકારી શ્રી યોગેશ ચાપાનેરી, સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ શ્રી કૌશિક પટેલ, સચિવ શ્રી આનંદ પટેલ, ઉપપ્રમુખ કમલેશ વાશ્વણી અને અન્ય સ્થાનિક પંચાયતના નેતા અને એસ્ટેટ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

## જી.સી.સી.આઈ.ના ઉપપ્રમુખશ્રીની એફ.આઈ.એ ભવન ખાતે મુલાકાત







તા. ૧૩/૦૩/૨૦૨૬ના રોજ જી.સી.સી.આઈ.ના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગાંધી સાહેબે એફ.આઈ.એ. ભવનની શુભેચ્છા મુલાકાત લઈ એફ.આઈ.એ.ની વિવિધ કાર્યવાહી અને પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે એફ.આઈ.એ.ના માનદ મંત્રીશ્રી એચ. એમ. પટેલ, ભૂતપૂર્વ માનદ મંત્રીશ્રી અજીતભાઈ શાહ અને કારોબારી સભ્યશ્રી સુનીરભાઈ શાહ દ્વારા શ્રી ગાંધી સાહેબનું સાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી ભાવભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું.

## વિવિધ મંત્રીશ્રીઓની શુભેચ્છા મુલાકાત





તા. ૧૨/૦૫/૨૦૨૬, મંગળવારના રોજ એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાણી, માનદમંત્રી શ્રી એચ. એમ. પટેલ, દક્ષિણ ઝોનના ઉપપ્રમુખ શ્રી વિપુલ પંચાલ, ઓફિસ કમિટી ચેરમેનશ્રી અમૃતભાઈ પટેલ, કારોબારી સભ્યશ્રી માધવલાલ પટેલ, શ્રી સાજનકુમાર મુરરકા તથા મુરજીભાઈ કટારમલ સાહેબે વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સાહેબ, નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ, જી.આઈ.ડી.સી.ના વી.સી.એમ.ડી. શ્રીમતી ડી.કે. પ્રવિણા મેડમની જીઆઈડીસીના પડતર પ્રશ્નોની ચર્ચા કરવા તેમજ જીપીસીબીના નવનિયુક્ત સભ્ય સચિવ શ્રીમતી દિપાલી ટાંક મેડમની શુભેચ્છા મુલાકાત લીધી.

## માનનીય નાણામંત્રીશ્રી સાથે બેઠક




જીઆઈડીસી વસાહતોના સ્ટેમ્પ ડ્યુટીના પ્રશ્ન અંગે ચર્ચા કરવા તા.૧૯-૦૫-૨૦૨૬ના રોજ માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ સાથે એક બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં એફઆઈએના સેક્રેટરી શ્રી એચ.એમ. પટેલ, સભ્યો શ્રી સજ્જન મુરારકા, શ્રી અજીતભાઈ શાહ, શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી તાહેરભાઈ વોહરા (ઉમરગામ) તેમજ જામનગર (દરેડ) એસોસિએશનના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલ અને માનનીય ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી સાહેબ તથા અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ તમામ સંબંધિત અધિકારીઓને જલ્દીથી આ પ્રશ્નનું સકારાત્મક નિરાકરણ લાવવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી.



તાઃ ૨૬/૦૫/૨૦૨૬ના રોજ એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાણી સાહેબની આગેવાનીમાં પ્રતિનિધિમંડળે આપણી ગંભીર સમસ્યા સ્ટેમ્પ ડ્યુટી અંગે રજૂઆત કરવા ગુજરાતના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ સાથે મુલાકાત લીધી, જે અનુસંધાને મંત્રીશ્રી એ ખૂબ જ હકારાત્મક પ્રતિભાવ આપ્યો અને ટૂંક જ સમયમાં સુખદ નિવારણ લાવવાનું આશ્વાસન આપ્યું.

તદ્ઉપરાંત હોદ્દેદારશ્રીઓ એ ગુજરાત રાજયના શ્રમ વિભાગના સચિવશ્રી લોચન સેહરા સાહેબની મુલાકાત લઈ શ્રમ વિભાગના કાયદા અંગે રજૂઆત કરી.

જેમાં માનદ મંત્રીશ્રી એચ.એમ.પટેલ, પૂર્વ પ્રમુખ શ્રી પ્રકાશભાઈ વરમોરા તથા કારોબારી સભ્યશ્રીઓ અજયભાઈ પટેલ, અનિલભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, ચિરાગકુમાર સાકરિયા, પ્રકાશભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, સાજનકુમાર મુરારકા, રમેશભાઈ પટેલ, ભરતભાઈ પંચાલ, વિજયભાઈ દેસાઈ, રાજેશભાઈ ધાબલે, વિપુલભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ વગેરે સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

## માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે બેઠક



તા. ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિએશન્સના પ્રમુખશ્રી નિર્મલકુમાર દુધાની સાહેબની અધ્યક્ષતામાં એક પ્રતિનિધિ મંડળે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ સાથે ગાંધીનગર ખાતે મુલાકાત લીધી હતી.

બેઠકની શરૂઆતમાં પ્રતિનિધિ મંડળ દ્વારા રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નવીન અને વિકાસલક્ષી 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ - ૨૦૨૬' ને ઉષ્માભેર આવકારી, રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારનો એફ.આઈ.એ. તરફથી હૃદયપૂર્વક આભાર માની અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ, જી.આઈ.ડી.સી. વસાહતોના લાંબા સમયથી પડતર અને અગત્યના પ્રશ્નો (સ્ટેમ્પ ડ્યુટી ,ઈમ્પેક્ટ ફી , ફ્રી હોલ્ડ પોલિસી, ડબલ ટેક્સેશન , જી.આઈ.ડી.સી.ની જંત્રી તથા ચેરમેનશ્રીની નિમણૂક) અંગે મુખ્યમંત્રીશ્રી સાથે વિગતવાર અને અસરકારક ચર્ચા કરવામાં આવી હતી.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ તમામ રજૂઆતોને ખૂબ જ ધૈર્યપૂર્વક સાંભળી અને આશ્વાસન આપતા જણાવ્યું કે : "એફ.આઈ.એ. દ્વારા રજૂ કરવામાં આવેલા આ તમામ પ્રશ્નોને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધા છે. આ બાબતે સંલગ્ન મંત્રીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકોનો દોર સતત ચાલુ છે અને ખૂબ જ ટૂંક સમયમાં આ તમામ પ્રશ્નોનું સુખદ અને હકારાત્મક નિવારણ લાવવામાં આવશે."

વધુમાં, તેમણે ઉમેર્યું હતું કે જી.આઈ.ડી.સી.ની પોલિસીને પણ ઉદ્યોગ સાનુકૂળ, નવીન અને વધુ સરળ બનાવવા માટે સરકાર સક્રિયપણે કામગીરી કરી રહી છે.

## બીલીમોરા જી.આઈ.ડી.સી.ના સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી




બીલીમોરા જી.આઈ.ડી.સી. એસ્ટેટની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સુવર્ણ જયંતી મહોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રસંગે એસ્ટેટના પૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે જ વસાહતના વિકાસને વેગ આપવા માટે અંદાજે રૂ. ૩.૧૭ કરોડના ખર્ચે વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટના કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાની, સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા વસાહતના હોદ્દેદારો અને અગ્રણી ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ગૌરવશાળી પ્રસંગે ફેડરેશનને આમંત્રિત કરવા બદલ પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાનીએ બીલીમોરા એસોસિએશનનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે આ સુંદર અને સુવ્યવસ્થિત આયોજનની સરાહના કરી હતી. વસાહતે છેલ્લા પાંચ દાયકા દરમિયાન આર્થિક અને સામાજિક વિકાસમાં આપેલા અમૂલ્ય યોગદાન બદલ તેમણે સૌને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં, વસાહતના તમામ ઉદ્યોગકારો, અધિકારીઓ અને શ્રમિક કર્મચારીઓને સમગ્ર એફ.આઈ.એ. પરિવાર વતી ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## કૌશલ્ય વિકાસ ભવનનું ભૂમિપૂજન





તા. ૧૬/૦૭/૨૦૨૬ ને ગુરુવારના રોજ ગેઝિયા ગાંધીનગર ખાતે લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત તેમજ ઉદ્યોગ વિકાસ પરિષદ દ્વારા આયોજિત "કૌશલ્ય વિકાસ ભવન"નું ભૂમિપૂજન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ઉપરોક્ત સમારોહમાં વિવિધ ઉદ્યોગજગતના આગેવાનોની ઉપસ્થિતિ વચ્ચે એફ.આઈ.એ.ના માનદ મંત્રીશ્રી એચ.એમ. પટેલ સાહેબ તથા કાર્યાલય કમિટીના ચેરમેન શ્રી અમૃતભાઈ પટેલ સાહેબનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



# બજેટ-૨૦૨૬ સંદર્ભે વિશેષ ચર્ચા









તા. ૨૦-૦૨-૨૦૨૬ ના રોજ ઇન્ફોસિટી, ગાંધીનગર ખાતે 'બજેટ-૨૦૨૬'ના સંદર્ભમાં એક વિશેષ ચર્ચા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના વિવિધ જી.આઈ.ડી.સી. એસ્ટેટના ઉદ્યોગપતિઓ અને એફ.આઈ.એ.ના પ્રતિનિધિઓએ આ બેઠકમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ બજેટની જોગવાઈઓ તેમજ ઉદ્યોગોને લગતા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત સંબોધન કર્યું હતું.

એફ.આઈ.એ.ના હોદ્દેદારો દ્વારા શ્રી નીતિન નવીનજીનું પવિત્ર 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## જીસીપીસી કાર્યક્રમમાં એફ.આઈ.એ.ના પ્રમુખશ્રીનું સંબોધન






તા. ૧૦-૦૩-૨૦૨૬ને મંગળવારના રોજ ગાંધીનગર ખાતે જીસીપીસી દ્વારા આયોજિત "Interlinking of Industries, Academia and Government" કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો, જેમાં ઉદ્યોગ જગતનું પ્રતિનિધિત્વ કરતા એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાણીએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

આ પ્રસંગે જીસીપીસીના મેમ્બર સેક્રેટરી ડૉ. ભરત જૈન ઉપરાંત, શ્રી મનીષ એન. મોદી, સંયુક્ત સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર), ડૉ. સચિન પરીખ, જોઈન્ટ ડિરેક્ટર (ટેકનિકલ શિક્ષણ કમિશનરેટ, ગાંધીનગર), શ્રી અજયભાઈ ડી.પટેલ, (ઉપપ્રમુખશ્રી - નરોડા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગ જગત માટે ઉપયોગી પુસ્તકનું વિમોચન તેમજ વિજેતા સંશોધકોનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન



સંદેશ 11/07/2026

સ્વ.લાલજી દાદાની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે જનસેવા કાર્યનો શુભારંભ

**પર્યાવરણ-જનસેવાનો અનોખો સંગમ : મહેસાણામાં ૧૦,૦૦૦ રોપાનું ફ્રી વિતરણ, વૃક્ષારોપણ કરાયું**

**દર વર્ષે હાડકાના રોગોનો મફત નિદાન કેમ્પ, નેત્રયજ્ઞ અને ભૂખ્યાઓને ભોજન જેવા અનેક સેવાકાર્યો કરાય છે**

। મહેસાણા । (સં.ન્યૂ.સ)

માનવ સેવા અને પર્યાવરણ જતનના સંકલ્પ સાથે મહેસાણામાં લાલજીભાઈ હીરદાસ પટેલ પરિવાર (ખોડીયાર ગ્રુપ) દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી અનેક સેવાકાર્યો કરવામાં આવી રહ્યા છે. આ વર્ષે પણ ૧૦,૦૦૦ રોપાઓના અવિરત વિતરણના જનસેવા કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સ્વ.લાલજી દાદાની ૧૨મી પુણ્યતિથિના અવસરે આયોજિત આ કાર્યક્રમમાં લોકસભાના સાંસદ હરિભાઈ પટેલ, મહેસાણા મહાનગરપાલિકાના મેયર સોનલ ઓઝા, ડેપ્યુટી મેયર રમેશ રાજપૂત તેમજ દંડક અનિલભાઈ દેસાઈના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મહાનગરપાલિકાના રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના ચેરમેન દીપકભાઈ પટેલ, દેદિયાસણ એસોસિએશનના પ્રમુખ જી. કે. પટેલ, એપીએમસીના પ્રમુખ જયંતીભાઈ પટેલ તેમજ મહેસાણા વોર્ડ નંબર-૯ના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા અને ખોડીયાર ગ્રુપની આ ભગીરથ કામગીરીને બિરદાવી હતી. આ સમગ્ર સેવાકીય પ્રવૃત્તિનું આયોજન પી. એલ. પી. જનસેવા ફાઉન્ડેશનના પ્રમુખ કાંતિભાઈ એલ. પટેલ (ખોડીયાર ગ્રુપ)ના સતત પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પી. એલ. પી. જનસેવા ફાઉન્ડેશન માત્ર પર્યાવરણ જ નહીં, પરંતુ સામાજિકક્ષેત્રે પણ અગ્રેસર છે.

સંસ્થા દ્વારા દર વર્ષે હાડકાના રોગોનો મફત નિદાન કેમ્પ, નેત્રયજ્ઞ (આંખના કેમ્પ) અને ભૂખ્યાઓને ભોજન કરાવવા જેવા અનેકવિધ સેવાકાર્યો નિરંતર ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખોડીયાર પરિવારના અગ્રણીઓ પ્રહલાદભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ અને ડૉ. સંજયભાઈ પટેલ સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. સ્થાનિક નાગરિકોએ પણ પર્યાવરણ શુદ્ધિના આ મહાયજ્ઞમાં જોડાઈને ઉત્સાહપૂર્વક રોપાઓ સ્વીકાર્યા હતા.

એફ.આઈ.એ.ના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ અને ખોડિયાર ગ્રુપ (પી.એલ.પી. જનસેવા ફાઉન્ડેશન) પરિવારને તેઓના પૂજ્ય પિતાશ્રી સ્વ. લાલજી દાદાની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે મહેસાણા ખાતે ૧૦,૦૦૦ રોપાઓનું નિ:શુલ્ક વિતરણ, વૃક્ષારોપણ તેમજ વિવિધ આરોગ્ય અને જનસેવાકીય કાર્યો બદલ સમગ્ર પરિવારને ખૂબ-ખૂબ અભિનંદન!

છેલ્લા ૧૨ વર્ષથી અવિરત ચાલતો આપનો આ ભગીરથ સેવા યજ્ઞ અને પર્યાવરણ જતનનું ઉમદા કાર્ય પિતૃશ્રીઓને સાચી શ્રદ્ધાંજલિ અને સમગ્ર સમાજ માટે અત્યંત પ્રેરણાદાયી ઉદાહરણ છે.

## જીસીસીઆઈ ત્રિદિવસીય એન્યુઅલ ટ્રેડ એક્સપો

તા. ૧૬/૦૪/૨૦૨૬ ને ગુરુવારના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ)ના ત્રિદિવસીય એન્યુઅલ ટ્રેડ એક્સપો GATE-2026 નો પ્રારંભ થયો. આ કાર્યક્રમમાં એફ.આઈ.એ.ના ભૂતપૂર્વ માનદ મંત્રી શ્રી અજીતભાઈ શાહ તથા નોર્થ ઝોનના કારોબારી સભ્યશ્રી સુનીરભાઈ શાહ સાહેબે હાજરી આપી.



## એફ.આઈ.એ.નું ગૌરવ





તા. ૦૫-૦૬-૨૦૨૬ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના હસ્તે એલ એન્ડ ટી લિમિટેડના હઝીરા પ્લાન્ટ ખાતે નિર્મિત ડિફેન્સ ટેન્કનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ટેન્કના મહત્ત્વપૂર્ણ ભાગોનું ઉત્પાદન એફ.આઈ.એ.ના કારોબારી સભ્યશ્રી હરિસિંહ પરમારની મકરપુરા જીઆઈડીસી, વડોદરા ખાતે આવેલ શ્રી ખોડિયાર હેવી એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું.

## ઔદ્યોગિક સુરક્ષા માટે વટવા વસાહતની ઐતિહાસિક પહેલ



તા. ૧૫-૦૪-૨૦૨૬ના રોજ વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે GIDC વટવા ખાતે ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર (ERS) બનાવવા માટે MOU પર હસ્તાક્ષર થયા.

વી.આઈ.એ. દ્વારા ₹ ૭-૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારું આ સેન્ટર AF&ESના માર્ગદર્શન હેઠળ ઘટનાસ્થળે ત્વરિત 'ફર્સ્ટ રિસ્પોન્ડર' તરીકે રાહત કામગીરી કરશે.

ઔદ્યોગિક સુરક્ષાને સુદ્રઢ કરતી આ અભૂતપૂર્વ અને લોકઉપયોગી પહેલ બદલ વી.આઈ.એ.ના તમામ હોદ્દેદારો અને સભ્યોને હાર્દિક અભિનંદન.

## એફ.આઈ.એ.ની રજૂઆતનું સકારાત્મક પરિણામ



દિવ્ય ભાસ્કર ઈ-પેપર  પ્રીમિયમ

ગુજરાત સરકારે નશાબંધીના નાયબ અને સહાયક નિયામક વિરુદ્ધ પગલાં લીધા

### ઔદ્યોગિક આલ્કોહોલની પરમિટ માટે કનડતા 5 અધિકારીને હટાવી દેવાયા

ઉદ્યોગકારોએ નાયબ મુખ્યમંત્રીને અધિકારીઓના ભ્રષ્ટાચારની ફરિયાદ કરી હતી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગુજરાત સરકારે નશાબંધી અને આબ...ખાતાના નાયબ નિયામક સ... અધિકારીને ગુરુવારે પદ... કરતો હુકમ કર્યો છે. આ આધકારીઓને હાલ પ્રતિક્ષા યાદીમાં મુકી દેવાયા છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ નશાબંધી વિભાગના નાયબ નિયામક કેતન દેસાઇ છેલ્લા ઘણાં સમયથી ઔદ્યોગિક આલ્કોહોલના વપરાશ અને ટ્રાન્સપોર્ટેશનની પરમિટ માટે ઉદ્યોગકારોને કનડી રહ્યા હતા. આ અંગે વિવિધ સ્તરેથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુધી ફરિયાદ પહોંચી હતી. આ મામલે બુધવારે સંઘવીએ પોતાના તાબાના અધિકારીઓને બોલાવીને આ મુદ્દે ચર્ચા કરી હતી અને આવી ગેરરીતિમાં જેમના વિરુદ્ધ આક્ષેપો થયા છે તેવા તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી હટાવી દેવાના આદેશ આપ્યા હતા.

લઘુ ઉદ્યોગ ભારતી સહિતની ઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધીઓએ સરકારને આ અંગે તાજેતરમાં રજૂઆત કરી હતી. સંસ્થાના સૂત્રોના જણાવ્યા અનુસાર પરવાનાની પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ કરાયા છતાં આ અધિકારીઓએ તેનું સેન્ટ્રલાઈઝેશન કરી દીધું હતું. એટલે કે આવી પરમિટ લેવા માટે ઉદ્યોગકારોએ ફરજિયાત ગાંધીનગરના ધક્કા ખાવા પડે અને કામ પાર પડાવવા માટે મોટી રકમમાં લાંચ આપવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

આ સિવાય ઉદ્યોગોમાં વપરાશમાં આવેલાં આલ્કોહોલિક રસાયણોના વપરાશ તેમજ સ્ટોરેજની બાબતે પણ ફિલ્ડના અધિકારીઓ ગાંધીનગરમાં બેસતા અધિકારીઓના ઈશારે ઉદ્યોગકારોને પરેશાન કરી રહ્યા હોવાની રજૂઆત પણ કરાઈ હતી. બિનજરૂરી રીતે ઉદ્યોગકારોને પરેશાન કરાતા હોવાથી તેમના વ્યાપાર પર ઘણી વિપરીત અસરો પડી રહી હતી. આ ઉદ્યોગગૃહોના એકમો પર જઈને ઇન્સ્પેક્ટર કક્ષાના સ્ટાફના લોકો સ્ટોક તપાસના બહાને તથા માલવહન વખતે રસ્તામાં પણ ઉઘરાણું કરતા રહેતા હતા. પરવાનાની પ્રક્રિયા બિનજરૂરી લંબાવી દઈને આ આખું કારસ્તાન ચાલી રહ્યું હતું.

**સૌથી વધુ ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રી પરેશાન હતી**

આ અધિકારીઓના ત્રાસનો ભોગ ગુજરાતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી બની હતી. મોટા ઉદ્યોગગૃહોને તેનાથી કોઈ ફરક પડતો ન હતો પરંતુ નાના ફાર્મા એકમોની વિશેષ પહોંચ ન હોવાથી આવા અધિકારીઓ તેમને પરેશાન કરતા રહેતા હતા. ખોટા કેસમાં ફસાવી દેવાથી માંડીને અન્ય કનડગત ફિલ્ડના અધિકારીઓ કરતા રહેતા હતા. દવાઓ ઉપરાંત સેનિટાઈઝર, વાઈપ્સ. જેવા ઉત્પાદનો સાથે સંકળાયેલા નાના યુનિટ્સ સતત ફફડતા રહેતા હતા.

**આ અધિકારીઓને ફરજ પરથી હટાવી દેવાયા**

- કેતન દેસાઇ : નાયબ નિયામક
- અમિતા પટેલ : મદદનીશ નિયામક
- વિપુલ પટેલ : ઈન્સ્પેક્ટર
- અનિલ ગનવા : ઈન્સ્પેક્ટર
- શૈલેષ રબારી : ઈન્સ્પેક્ટર

ઔદ્યોગિક આલ્કોહોલ પરમિટ પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર અને બિનજરૂરી વિલંબ દ્વારા ઉદ્યોગકારોને હેરાન કરતા નશાબંધી વિભાગના અધિકારીઓ સામે સરકારે કડક વલણ અપનાવી તાત્કાલિક ફરજ પરથી હટાવી દીધા છે.

ઔદ્યોગિક આલ્કોહોલ પરમિટ પ્રક્રિયામાં બિનજરૂરી વિલંબ અને કનડગત અંગે એફ.આઈ.એ. દ્વારા માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબને પત્ર ક્રમાંકઃ એફ.આઈ.એ./૨૫-૨૭/૧૭૮ (તા. ૦૬/૦૫/૨૦૨૬)થી રજૂઆત કરવામાં આવી હતી. સૌના સહિયારા પ્રયાસો અને રજૂઆતોથી સકારાત્મક પરિણામ પ્રાપ્ત થયું છે.

સહકાર બદલ આભાર.

## "વિકસિત ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૬"નું ગહન વિશ્લેષણ : રાજ્યના મેન્યુફેક્ચરિંગ અને એમએસએમઈ ઇકોસિસ્ટમ માટે નવયુગનો રોડમેપ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના ભવ્ય સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી "વિકસિત ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૬" રાજ્યના ઔદ્યોગિક ઉત્ક્રાંતિમાં એક સીમાચિહ્નરૂપ કદમ છે.

છેલ્લા બે દાયકામાં રાજ્યનો જીડીપી (GDP) ૧૫.૭૩ બિલિયન યુએસ ડોલરથી વધીને ૩૨૯.૭૦ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યો છે, જે રાજ્યની અદ્ભુત ઔદ્યોગિક ક્ષમતા દર્શાવે છે. આ નવી નીતિનો મૂળ મંત્ર માત્ર નાણાકીય સહાય આપવાનો નથી, પરંતુ ગુજરાતના સ્થાનિક ઉદ્યોગોને ગ્લોબલ વેલ્યુ ચેઈન (GVC) સાથે જોડીને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો છે.

### ૧. એમએસએમઈ (MSME) પ્રોત્સાહનોનું નવું માળખું અને પ્રાદેશિક વર્ગીકરણ

નવી ઔદ્યોગિક નીતિમાં માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝિસ (MSMEs)ને અર્થતંત્રની કરોડરજ્જુ ગણીને પ્રોત્સાહનોનું અત્યંત આકર્ષક અને સંતુલિત માળખું અમલમાં મૂકવામાં આવ્યું છે. આ અંતર્ગત સમગ્ર રાજ્યના તાલુકાઓને તેમની ઔદ્યોગિક પછાતતા અને પ્રાદેશિક જરૂરિયાતોના આધારે બે મુખ્ય કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જેથી પછાત વિસ્તારોમાં પણ નવા મૂડીરોકાણો આકર્ષી શકાય :

| લાભ / પ્રોત્સાહનનો પ્રકાર | કેટેગરી - એ તાલુકા (Category - A) | કેટેગરી - બી તાલુકા (Category - B) |
|---|---|---|
| મહત્તમ પ્રોત્સાહન મર્યાદા (eFCI ના % માં) | ૪૫% સુધી | ૩૫% સુધી |
| કેપિટલ સબસીડી (Capital Subsidy) | ૩૫% સુધી (લાયક ફિક્સ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ પર) | ૨૫% સુધી (લાયક ફિક્સ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ પર) |
| વ્યાજ સહાય (Interest Subsidy) | ૭% સુધી (૫ વર્ષ માટે ટર્મ લોન પર) | ૭% સુધી (૫ વર્ષ માટે ટર્મ લોન પર) |
| વીજળી ટેરિફ સહાય (Power Tariff Support) | ₹ ૨.૦૦ પ્રતિ યુનિટની સહાય (૫ વર્ષ માટે) | ₹ ૧.૦૦ પ્રતિ યુનિટની સહાય (૫ વર્ષ માટે) |

આ ઉપરાંત, સામાજિક રીતે પછાત અને નબળા વર્ગોને ઔદ્યોગિક મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર યોજના અને ભગવાન બિરસા મુંડા યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) તેમજ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકો દ્વારા સ્થાપવામાં આવતા નવા એમએસએમઈ એકમોને નિર્ધારિત કુલ પ્રોત્સાહન મર્યાદા ઉપરાંત વધારાની ૫% ની વિશેષ આર્થિક સહાય આપવામાં આવશે, જે ઉદ્યોગસાહસિકતાના લોકશાહીકરણ તરફનું પ્રશંસનીય પગલું છે.

### ૨. વ્યૂહાત્મક 'થ્રસ્ટ સેક્ટર્સ', સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન મેન્ડેટ

ભવિષ્યની ટેક્નોલોજિકલ ક્રાંતિ અને સ્વનિર્ભરતાને ધ્યાનમાં રાખીને સરકારે ૨૧ વિશિષ્ટ ઔદ્યોગિક ક્ષેત્રોને 'થ્રસ્ટ સેક્ટર્સ' (Thrust Sectors) તરીકે નિયુક્ત કર્યા છે. આ ક્ષેત્રોમાં ગ્રીન હાઇડ્રોજન, ઇલેક્ટ્રોલાઇઝર્સ, સેમિકન્ડક્ટર એન્સિલરીઝ, ડ્રોન્સ, એરોસ્પેસ, રોબોટિક્સ અને પ્રોટેક્શન/ડિફેન્સ ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગનો સમાવેશ થાય છે. આ અદ્યતન ક્ષેત્રોમાં થતા રોકાણો

માટે પ્રોત્સાહનની સીમા વધારીને ૫૦% સુધી કરવામાં આવી છે. દેશના સંશોધન માળખાને મજબૂત કરવા માટે જીઆઈડીસી દ્વારા વિશેષ 'ગુજરાત રિસર્ચ એન્ડ ઇનોવેશન પાર્ક' સ્થાપવામાં આવશે. આ સાથે, માન્યતા પ્રાપ્ત ઇન-હાઉસ R&D કેન્દ્રોને નવીનતમ મશીનરી અને લેબોરેટરી સાધનોની ખરીદી માટે ૫૦% સુધીની કેપિટલ સબસીડી (વાર્ષિક મહત્તમ ₹ ૫૦ કરોડ સુધી) તેમજ પેટન્ટ રજિસ્ટ્રેશન માટે પણ ખાસ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

### ૩. ટકાઉ વિકાસ : કોમન એન્વાયરન્મેન્ટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોજેક્ટ T.H.R.I.V.E.

પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ મુક્ત ઔદ્યોગિક વિકાસ નવી નીતિના કેન્દ્રબિંદુમાં છે. રાજ્ય સરકાર ગ્રીન જીઆઈડીસી એસ્ટેટ્સ (Green GIDC Estates)ની સ્થાપના કરી રહી છે, જે લઘુત્તમ ૭૦% પુનઃપ્રાપ્ય ઊર્જા (Renewable Energy) પર કાર્યરત થશે. ઉદ્યોગો માટે સામૂહિક પ્રદૂષણ નિયંત્રણ માળખા જેવા કે કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP), ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) સિસ્ટમ અને કોમન બોઈલર પ્રોજેક્ટ્સ માટે ₹ ૩૦ કરોડથી લઈને ₹ ૭૫ કરોડ સુધીની માતબર આર્થિક સહાયની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરીકરણના વ્યાપને કારણે જે જૂના ઉદ્યોગો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા ઓથોરિટીની હદમાં આવી ગયા છે, તેમના માટે પ્રોજેક્ટ T.H.R.I.V.E. લોન્ચ કરાયો છે. આ યોજના હેઠળ સલામત ઔદ્યોગિક વિસ્તારો કે નવી જીઆઈડીસીમાં સ્થળાંતર કરતા એકમોને ટ્રાન્સફર ફી માફી, વધારાની એફએસઆઈ (FSI)ના લાભો, પર્યાવરણીય મંજૂરીઓમાં સરળીકરણ અને શ્રમિકોના પુનઃરોજગાર માટે વેતન સહાય જેવા આકર્ષક પૅકેજ પ્રદાન કરવામાં આવશે.

### ૪. શ્રમિક કલ્યાણ, લિવિંગ સ્ટાન્ડર્ડ અને મહિલા સશક્તિકરણ પર વિશેષ ભાર

આ નીતિ માત્ર 'ઔદ્યોગિક નોકરીઓ' (Jobs) સર્જવા પૂરતી સીમિત નથી, પરંતુ શ્રમિકોના 'ગુણવત્તાયુક્ત જીવન' (Quality Lives)ને સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. ઔદ્યોગિક વસાહતોની આસપાસ કામદારો માટે કોમન ડોર્મિટરી, લેબર હોસ્ટેલ અને વર્કિંગ વિમેન હોસ્ટેલના નિર્માણ માટે પ્રોજેક્ટ ખર્ચના ૪૦% થી ૮૦% (મહત્તમ ₹ ૪૦ કરોડ સુધી)ની જંગી આર્થિક સહાય સરકાર આપશે. મહિલાઓની ઓદ્યોગિક ક્ષેત્રે ભાગીદારી વધારવા માટે મહિલા ઉદ્યોગસાહસિકોને સ્થાપનાના પ્રારંભિક તબક્કે વધારાની ૧% વ્યાજ સબસીડી, ૫ વર્ષ માટે સેડ/જમીનના ભાડામાં વિશેષ સહાય અને વ્યુહાત્મક માર્ગદર્શન માટે 'વિમેન્સ ઇન્ડસ્ટ્રિયલ લીડરશિપ કમિટી' (WILC)ની સ્થાપના કરવામાં આવશે.

### ૫. ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ (EoDB) અને વહીવટી સરળીકરણ

ઉદ્યોગસાહસિકોને વહીવટી મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવવા માટે 'સ્ટેટ જન વિશ્વાસ એક્ટ, ૨૦૨૫' હેઠળ નાના કાયદાકીય ભંગ કે તકનીકી ખામીઓનું બિન-ગુનાહિતકરણ (Decriminalization) કરવામાં આવ્યું છે. 'ગુજરાત એમએસએમઈ એક્ટ, ૨૦૧૯'ની જોગવાઈઓ મુજબ નવા સ્થાપિત થતા એકમોને પ્રથમ ૩ વર્ષ માટે રાજ્યના વિવિધ કાયદાઓ હેઠળની પૂર્વ-મંજૂરીઓમાંથી મુક્તિ આપવામાં આવી છે. ઇન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ (IFP)ને વધુ સક્ષમ બનાવીને ફિઝિકલ ઇન્ટરેક્શન વિના ૨૦૦થી વધુ મંજૂરીઓ સંપૂર્ણ ઓનલાઇન પૂરી પાડવામાં આવશે. સાથોસાથ, હબ-એન્ડ-સ્પોક મોડેલ પર આધારિત ''ઉદ્યોગ સહાય કેન્દ્ર'' દ્વારા નવા સભ્યોને નીતિ વિષયક માર્ગદર્શન અને ત્વરિત ક્લિયરન્સ મેળવવામાં મદદ કરવામાં આવશે.

### ૬. જીઆઈડીસી (GIDC) એસ્ટેટ્સ માટે વ્યાપારિક તકો

નવી ઔદ્યોગિક નીતિના વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરતા સ્પષ્ટ થાય છે કે, ગુજરાતમાં એન્જિનિયરિંગ, કેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, મશીનરી અને કમ્પોનન્ટ્સનું ઉત્પાદન કરતા આપણા સભ્ય એકમો માટે આ નીતિ એક સુવર્ણ તક લઈને આવી છે. ખાસ કરીને કેટેગરી-એ અને બી તાલુકાઓમાં ઉપલબ્ધ કેપિટલ અને વ્યાજ સબસીડીનો લાભ લઈ આપણા જૂના એકમો પોતાનું આધુનિકીકરણ (Modernization) કરી શકે છે. 'થ્રસ્ટ સેક્ટર્સ'માં દર્શાવેલા હાઇ-ટેક ક્ષેત્રોના સપ્લાય ચેઈન અને એન્સિલરી વેન્ડર બનવા માટે આપણા એમએસએમઈ એકમોએ અત્યારથી જ પોતાની ગુણવત્તા અને ક્ષમતાનું અપગ્રેડેશન કરવું અનિવાર્ય છે.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# ગુજરાત ડેટા સેન્ટર પોલિસી (૨૦૨૬-૨૦૨૯) : રાજ્યના ઔદ્યોગિક અને ડિજિટલ ઉત્ક્રાંતિ માટે એક નવયુગની શરૂઆત

## એમએસએમઈ (MSME) ક્ષેત્ર માટે વ્યાપક માર્ગદર્શિકા

વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ક્લાઉડ કમ્પ્યુટિંગ, પ્લેટફોર્મ આધારિત સેવાઓ અને 5G/6G નેટવર્કના અભૂતપૂર્વ વિસ્ફોટને કારણે ડેટા સ્ટોરેજ અને પ્રોસેસિંગની માંગ આકાશે આંબી રહી છે. આ વૈશ્વિક પ્રવાહને સમયસર પારખીને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST) દ્વારા "વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી (૨૦૨૬-૨૦૨૯)" જાહેર કરવામાં આવી છે. આ નીતિ માત્ર આઈટી ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ગુજરાતના સમગ્ર ઔદ્યોગિક માળખા, ખાસ કરીને જીઆઈડીસી (GIDC) એસ્ટેટ્સ અને એમએસએમઈ (MSME) ક્ષેત્ર માટે સહાયક ઉદ્યોગો (Auxiliary Industries) વિકસાવવા માટેની એક અજોડ તક લાવે છે. આ નીતિ હેઠળ રાજ્યમાં અંદાજે ૭.૫ ગીગાવોટ (GW) જેટલી જંગી ડેટા સેન્ટર ક્ષમતા સ્થાપિત કરવાનું અત્યંત મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

### નીતિનું વિઝન, લક્ષ્યાંક અને પાત્રતાના કડક માપદંડો

આ નીતિનું મુખ્ય વિઝન ગુજરાતને ભારતમાં હાઈપરસ્કેલ અને ગ્રીન AI ડેટા સેન્ટર્સ માટેનું સર્વોચ્ચ વૈશ્વિક હબ બનાવવાનું છે. આ નીતિ હેઠળ લાભ મેળવવા માટે સરકારે પાત્રતાના ચોક્કસ અને ઉચ્ચ માપદંડો નિર્ધારિત કર્યા છે. આ નીતિનો લાભ માત્ર એવા જ પ્રોજેક્ટ્સને મળશે જેમની મંજૂર થયેલી સ્થાપિત આઈટી લોડ ક્ષમતા (Approved Installed IT Load Capacity) ૧૫૦ મેગાવોટ (MW) કે તેથી વધુ હોય. રોકાણની ગણતરી માટે યોગ્ય ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (EFCI) ને આધાર બનાવવામાં આવ્યો છે, જેમાં કોર ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સિવિલ કન્સ્ટ્રક્શન, પાવર-બેકઅપ, ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ કૂલિંગ સિસ્ટમ્સ તેમજ કેપ્ટિવ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)નો સમાવેશ થાય છે. જો કે, આ EFCI માં જમીનની કિંમત, જમીન વિકાસનો ખર્ચ અને સેમિકન્ડક્ટર ચિપ્સના ખર્ચને બાકાત રાખવામાં આવ્યો છે. મહત્તમ પાત્ર EFCI ની મર્યાદા કુલ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૮૦% અથવા રૂ. ૬૦,૦૦૦ કરોડ (૧ GW પ્રોજેક્ટ માટે પ્રોપોશનેટ ધોરણે) નક્કી કરવામાં આવી છે, જે માટે ૮ વર્ષનો રોકાણ સમયગાળો (Eligible Investment Period) આપવામાં આવશે.

### ભવ્ય નાણાકીય પ્રોત્સાહનો અને સબસિડીનું માળખું

રોકાણકારોને આકર્ષવા માટે ગુજરાત સરકારે અત્યંત આકર્ષક અને સ્પર્ધાત્મક નાણાકીય પ્રોત્સાહનોની જાહેરાત કરી છે, જે ડેટા સેન્ટર ઓપરેટરોના કેપેક્સ (CapEx) અને ઓપેક્સ (OpEx) માં મોટો ઘટાડો કરશે :

- **કેપિટલ સબસિડી (ધોલેરા વિશેષ) :** ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન (DSIR) માં સ્થપાયેલા ડેટા સેન્ટર્સ માટે યોગ્ય ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (EFCI) પર ૨.૫% કેપિટલ સબસિડી ઉપલબ્ધ કરાશે, જેનો ક્લેમ ઈન-પ્રિન્સિપલ મંજૂરીથી ૧૦ વર્ષ સુધી કરી શકાશે.
- **વ્યાજ સબસિડી (Interest Subsidy) :** ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ માટે બેંકો કે નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવેલી ટર્મ લોનના ભાગ પર વાર્ષિક રૂ. ૨૫ કરોડની મર્યાદામાં ૧૦ વર્ષ સુધી ૪% સુધીની વ્યાજ સબસિડી આપવામાં આવશે.
- **પાવર ટેરિફ સબસિડી :** ડેટા સેન્ટર એન્ટિટી દ્વારા વ્યાપારી કામગીરી (Commercial Operations) શરૂ થયાની તારીખથી પૂરા ૨૦ વર્ષ સુધી વપરાશમાં લેવાયેલી વીજળી પર રૂ. ૧ પ્રતિ યુનિટ સબસિડી મળવાપાત્ર રહેશે.
- **ઈલેક્ટ્રિસિટી ડ્યુટી માફી :** વાણિજ્યિક ઉત્પાદન શરૂ થયાના ૨૦ વર્ષ સુધી ચૂકવવામાં આવેલી વીજળી ફરજ (Electricity Duty) ૧૦૦% રિઈમ્બર્સમેન્ટ/મુક્તિ આપવામાં આવશે.
- **સ્ટેમ્પ ડ્યુટી મુક્તિ :** ડેટા સેન્ટર પ્રોજેક્ટ માટે જમીનની ખરીદી અથવા લીઝ/પટ્ટા દસ્તાવેજો પર ચૂકવવાની થતી સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીમાંથી ૧૦૦% મુક્તિ આપવામાં આવશે.
- **સ્ટેટ GST (SGST) રિઈમ્બર્સમેન્ટ :** ડેટા સેન્ટર માટે પ્લાન્ટ, મશીનરી, બિલ્ડિંગ અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખરીદી પર ચૂકવેલા SGST નું ઈનપુટ

ટેક્સ ક્રેડિટ (ITC) ના પરમેનન્ટ રિવર્સલના આધારે ૮ વર્ષ સુધી ૧૦૦% રિઈમ્બર્સમેન્ટ મળશે. આ ઉપરાંત, ઓપરેશનલ આવક (સેવાઓ) પર ૨૦ વર્ષ સુધી ૧૦૦% નેટ SGST પરત મળશે.

### બાંધકામ નિયમોમાં અભૂતપૂર્વ છૂટછાટો અને સ્પેસ રિલેક્સેશન

ડેટા સેન્ટર્સના વિશિષ્ટ આર્કિટેક્ચર અને માળખાકીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, આ નીતિ સામાન્ય બિલ્ડિંગ નિયમો (ય્ઢ્ઢઝઈ)માં નોંધપાત્ર રાહત આપે છે. ડેટા સેન્ટર એન્ટિટીઝને લાગુ પડતા સ્થાનિક ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન હેઠળ વધારાના એફએસઆઈ (FSI)ની મંજૂરી આપવામાં આવશે, તેમજ ગ્રાઉન્ડ કવરેજની મર્યાદા વધારીને ૭૦% સુધી કરવાની છૂટ મળશે. પાર્કિંગની જરૂરિયાતોમાં પણ મોટી રાહત આપતા, નિયુક્ત ઑફિસ વિસ્તારના પ્રતિ ૧૦૦૦ ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયા દીઠ માત્ર ૧ ઇક્વિવેલન્ટ કાર સ્પેસ (ECS)નો નિયમ રાખવામાં આવ્યો છે. ડેટા સેન્ટરના અવિરત સંચાલન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવા ડીજી સેટ્સ (DG Sets), યુટિલિટીઝ અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સને ફાયર સેફ્ટી વિભાગની મંજૂરીને આધીન મલ્ટી-લેવલ સ્ટાર્કિંગ (એકબીજા પર અથવા રૂફટોપ પર ગોઠવવાની છૂટ આપવામાં આવી છે. છત પર ઇન્સ્ટોલ કરવામાં આવતા ચિલર્સને (Chillers) એફએઆર (FAR)ની ગણતરીમાંથી બાકાત રાખવામાં આવશે. આ ઉપરાંત, સલામતીના હેતુસર ૩.૬ મીટર સુધીની ઊંચાઈની બાઉન્ડ્રી વોલ અને ફાયર નોર્મ્સ મુજબ આંતરિક રસ્તાઓની મંજૂરી આપવામાં આવશે.

### ગ્રીન એનર્જી મેન્ડેટ, જળ વ્યવસ્થાપન અને પાવર સપ્લાય ગેરંટી

આ નીતિની એક અત્યંત પ્રગતિશીલ કલમ એ છે કે દરેક મંજૂર ડેટા સેન્ટરે તેના કોર ઓપરેશન્સ માટે વપરાતી કુલ વીજળીના લઘુત્તમ ૫૧% વીજળી ફરજિયાતપણે ગ્રીન અને રિન્યુએબલ એનર્જી (સૌર, પવન વગેરે) સ્રોતોમાંથી મેળવવી પડશે. આ ઉપરાંત, વીજળી એ ડેટા સેન્ટરનો મુખ્ય ઓપરેશનલ ખર્ચ હોવાથી, પ્રોજેક્ટ્સને પ્રચલિત નિયમો અનુસાર 'ઓપન એક્સેસ' (Open Access) દ્વારા પાવર ખરીદવાની છૂટ રહેશે. રાજ્ય સરકાર વાયર્ડ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે સ્ટેટ ટ્રાન્સમિશન (STU) અથવા સેન્ટ્રલ ટ્રાન્સમિશન (CTU) નેટવર્કમાંથી બે સ્વતંત્ર અને વૈવિધ્યસભર ફીડર્સ દ્વારા ડ્યુઅલ પાવર સપ્લાય પૂરો પાડવામાં સુવિધા આપશે. પાણીની સતત જરૂરિયાતને પહોંચી વળવા માટે ૨૪×૭ અવિરત પાણી પુરવઠો ડેટા સેન્ટરના ઘરઆંગણે પહોંચાડવામાં આવશે. જે એન્ટિટી પોતાના વપરાશ માટે કેપ્ટિવ ડિસેલિનેશન પ્લાન્ટ (Captive Desalination Plant) સ્થાપશે, તેમને ૧ GW ક્ષમતા દીઠ ૨૦ MLD ના પ્લાન્ટ માટે રૂ. ૨ કરોડ પ્રતિ MLD અથવા એલિજિબલ કેપેક્સના ૨૦% (જે ઓછું હોય તે) વધારાની આર્થિક સહાય મળશે, જે નીતિની કુલ નાણાકીય મર્યાદાનો ભાગ ગણાશે.

### સુશાસન, સિંગલ વિન્ડો ડિજિટલાઈઝેશન અને આવશ્યક સેવાનો દરજ્જો

સરકારે વહીવટી પ્રક્રિયાઓને ઝડપી અને માનવ હસ્તક્ષેપ રહિત (Faceless) બનાવવા માટે ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ અને DST ઈન્સેન્ટિવ મેનેજમેન્ટ પોર્ટલ દ્વારા સમગ્ર પ્રક્રિયાને ડિજિટલાઇઝ કરવાનો સંકલ્પ કર્યો છે. નીતિના અસરકારક અમલીકરણ, સમીક્ષા અને મંજૂરી માટે રાજ્ય કક્ષાએ મુખ્યમંત્રીશ્રી અથવા ઉચ્ચ સ્તરે 'હાઇ-પાવર્ડ કમિટી' (HPC)ની રચના કરવામાં આવી છે. જ્યારે પ્રોજેક્ટ્સના મૂલ્યાંકન, મંજૂરી અને સબસિડી ડિસ્બર્સમેન્ટ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ 'સ્ટેટ લેવલ એમપાવર્ડ કમિટી' (SLEC) કાર્યરત રહેશે, જેમાં નાણા વિભાગ, ઉદ્યોગ કમિશનર અને આઈસીટી નિયામકશ્રી સભ્યો તરીકે સામેલ છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, આ ડેટા સેન્ટરોના અવિરત સંચાલનને સુરક્ષિત રાખવા માટે તેના ઓપરેશન, મેઈન્ટેનન્સ અને સપોર્ટ સેવાઓને "ગુજરાત એસેન્શિયલ સર્વિસીસ મેઈન્ટેનન્સ એક્ટ, ૧૯૭૨ (GESMA)" હેઠળ 'આવશ્યક સેવા' તરીકે જાહેર કરવામાં આવી છે.

### એમએસએમઈ (MSME) ઉદ્યોગો માટે વ્યવસાયિક વિશ્લેષણ

આ પોલિસી ભલે ટેક્નોલોજિકલ જાયન્ટ્સ અને હાઇપરસ્કેલ ઓપરેટરો માટે હોય, પરંતુ તેનાથી ગુજરાતના પરંપરાગત ઉત્પાદન, એન્જિનિયરિંગ અને બાંધકામ ક્ષેત્રના એમએસએમઈ (MSME) માટે અબજો રૂપિયાની નવી બજાર ઊભી થશે. ડેટા સેન્ટરના નિર્માણ માટે મોટા પાયે અદ્યતન સિવિલ કન્સ્ટ્રક્શન, વિશિષ્ટ ફાયર રેટિંગ ધરાવતી બાઉન્ડ્રી વોલ્સ, અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક્સ, હાઇ-એન્ડ કેબલ ટ્રેઝ, પાવર ડિસ્ટ્રિબ્યુશન પેનલ્સ, એચવીએસી (HVAC) કૂલિંગ ડક્ટ્સ અને સ્ટીલ ફેબ્રિકેશનની જરૂરિયાત ઊભી થશે.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# Gujarat govt proposes establishment of 5 new GIDCs in Budget 2026

To promote industrialisation and create local employment opportunities, the five new industrial estates will be strategically located in tribal regions. Specifically, two estates will be established in the Zalod and Garbada talukas of Dahod district, while the remaining three will be developed in other districts, including Aravalli.

"To promote industrialisation and provide employment opportunities in the tribal areas of the state, I announce the establishment of five new industrial estates, two in the Zalod and Garbada talukas of Dahod district and three in other districts, including Aravalli," Finance Minister Kanu Desai said.

## Modernising Industrial Infrastructure

Beyond the creation of new estates, the state government is also focusing on upgrading existing industrial hubs to global standards:

- **Smart GIDCs:** A total of 25 GIDCs will be converted into "Smart GIDCs." With a proposed investment of ₹1,250 crore, these estates will witness significant strengthening of water, electricity, gas, and digital networks through modern technology.
- **Mini GIDCs:** The government plans to upgrade 120 Mini GIDCs with a proposed investment of ₹50 crore to enhance operational efficiency.
- **Dahej and Saykha:** A provision of ₹50 crore has been made for Common Effluent Treatment Plants (CETPs) in the Dahej and Saykha industrial estates to support sustainable industrial growth.

## Strategic Economic Growth

These developments align with the government's broader strategy of "Earning Well – Living Well" and the promotion of the MSME ecosystem, which already has more than 29 lakh registrations in the state. To further support these units, the budget proposes ₹1,775 crore under the Atmanirbhar Gujarat Scheme for Assistance to MSMEs.

By expanding the industrial footprint into tribal areas, the state government aims to ensure that no region is left behind in Gujarat's journey toward becoming a global manufacturing and economic powerhouse.

**DeshGujarat**

# ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭: 'વિકસિત ગુજરાત'ના નિર્માણનો રોડમેપ અને ઉદ્યોગો માટે નવી ક્ષિતિજો

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે રજૂ કરવામાં આવેલ રૂ. ૪.૦૮ લાખ કરોડનું બજેટ માત્ર આંકડાકીય માયાજાળ નથી, પરંતુ આગામી ૨૫ વર્ષના 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭'ના વિઝનનો મજબૂત પાયો છે. નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા સતત પાંચમી વખત રજૂ કરાયેલ આ બજેટમાં કોઈ પણ નવા કરવેરા વગર ઉદ્યોગો, MSME અને પાયાની સુવિધાઓ પર જે ભાર મૂકવામાં આવ્યો છે, તે આવકારદાયક છે.

**૧. GIDC વસાહતોનું આધુનિકીકરણ : 'સ્માર્ટ અને ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ'**

બજેટમાં ઉદ્યોગો માટે સૌથી મોટો અને મહત્ત્વનો નિર્ણય GIDC વસાહતોના સર્વાંગી વિકાસનો છે.

- **સ્માર્ટ GIDC પ્રોજેક્ટ :** રાજ્યની ૨૫ મોટી GIDC વસાહતોને 'સ્માર્ટ GIDC' તરીકે વિકસાવવા માટે રૂ. ૧૨,૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ અદ્યતન ડ્રેનેજ સિસ્ટમ, ૨૪ કલાક પાણી પુરવઠો, હાઈ-સ્પીડ ફાઈબર ઓપ્ટિક કનેક્ટિવિટી અને સ્માર્ટ સ્ટ્રીટ લાઈટિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.
- **મિની GIDCનું નવસર્જન :** ગ્રામીણ અને તાલુકા કક્ષાએ રહેલા ૧૨૦ જેટલા લઘુ ઔદ્યોગિક એકમો (મિની GIDC)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે ખાસ ફંડ ફાળવવામાં આવ્યું છે.
- **કોમન એમિનિટી સેન્ટર્સ :** ઔદ્યોગિક વસાહતોમાં કામદારો માટે આધુનિક આવાસ, કેન્ટીન અને હેલ્થ સેન્ટર્સના નિર્માણ માટે બજેટમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

**૨. MSME સેક્ટર : ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ**

આ બજેટમાં MSME માટે લેવાયેલા નિર્ણયો ખરા અર્થમાં 'આત્મનિર્ભર ગુજરાત'ની દિશામાં છે :

- **આત્મનિર્ભર ગુજરાત સ્કીમ :** આ યોજના અંતર્ગત રૂ. ૧,૭૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેનો સીધો લાભ નવા એકમો સ્થાપવા માંગતા સાહસિકોને વ્યાજ સહાય (Interest Subsidy) અને કેપિટલ સબસિડી સ્વરૂપે મળશે.
- **ક્રેડિટ ગેરંટી અને વર્કિંગ કેપિટલ :** નાના એકમોને સરળતાથી લોન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ ગેરંટી ફંડની જાહેરાત કરવામાં આવી છે.
- **ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ (ZED) :** પર્યાવરણની જાળવણી સાથે ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે MSME ને પ્રોત્સાહન આપવા ગ્રીન સબસિડીની જાહેરાત કરવામાં આવી છે.

**૩. નિકાસ અને વૈશ્વિક બજાર: 'મેક ઈન ગુજરાત' થી 'સેલ ટુ વર્લ્ડ'**

ગુજરાત દેશની કુલ નિકાસમાં ૩૩% થી વધુ હિસ્સો ધરાવે છે. આ હિસ્સાને વધારવા માટે સરકારે બે મહત્ત્વના કદમ ઉઠાવ્યા છેઃ

- ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC) : FIA ની લાંબા સમયની માંગણી સંતોષતા, સરકારે સ્વાયત્ત નિકાસ પરિષદની સ્થાપના કરી છે. આ કાઉન્સિલ ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય માર્કેટના ટ્રેન્ડ્સ, ડ્યુટી ફ્રી એક્સપોર્ટ અને કન્ટેનર લોજિસ્ટિક્સમાં મદદરૂપ થશે.
- લોજિસ્ટિક્સ પાર્ક : મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્કની સ્થાપના માટે નવી જમીન ફાળવણી અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ માટે રૂ. ૨,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટમાં ઘટાડો કરશે.

**૪. ઉભરતા ક્ષેત્રો : સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જી**

ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બજેટમાં 'સનરાઈઝ સેક્ટર્સ' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે:

- **સેમિકન્ડક્ટર હબ :** ધોલેરા SIR અને સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ. ૬૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આનાથી ગુજરાત વિશ્વના સેમિકન્ડક્ટર મેપ પર અંકિત થશે.
- **ગ્રીન હાઈડ્રોજન અને સોલર :** રાજ્યના ઉદ્યોગો ગ્રીન એનર્જી તરફ વળે તે માટે સોલર રૂફટોપ અને ગ્રીન હાઈડ્રોજન મિશન હેઠળ વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે.

**૫. કૌશલ્ય વર્ધન અને શ્રમ કલ્યાણ (Skill Development)**

ઉદ્યોગોને કુશળ કારીગરો મળી રહે તે માટે :

- નવી ITI અને કૌશલ્ય કેન્દ્રો : GIDC વિસ્તારોની નજીક નવી ૧૫ આધુનિક ITI સ્થાપવાની જાહેરાત.
- **શ્રમિક અન્નપૂર્ણા યોજના :** ઔદ્યોગિક કામદારો માટે ભોજનની સુવિધા આપતી યોજનાનો વ્યાપ વધારીને વધુ ૧૦૦ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.
- **દીનદયાળ ક્લિનિક :** ઔદ્યોગિક વસાહતોમાં કામદારો અને તેમના પરિવાર માટે આરોગ્ય સુવિધાઓ મજબૂત કરવામાં આવશે.

**૬. માળખાકીય સુવિધાઓ અને કનેક્ટિવિટી**

- **રોડ નેટવર્ક :** હાઈ-સ્પીડ કોરિડોર અને ઔદ્યોગિક વસાહતોને જોડતા ફોર-લેન રસ્તાઓ માટે રૂ. ૨૨,૦૦૦ કરોડની ફાળવણી.
- **પોર્ટ ડેવલપમેન્ટ :** જેટીઓનું આધુનિકીકરણ અને નવા ખાનગી બંદરોને પ્રોત્સાહન.
- **પાણી પુરવઠો :** ઔદ્યોગિક વપરાશ માટે 'ટ્રીટેડ વેસ્ટ વોટર' (Treated Waste Water) ના ઉપયોગ માટે નવી પાઈપલાઈન નેટવર્કની સ્થાપના.

આ બજેટ સર્વગ્રાહી અને ઉદ્યોગસાહસિકોના આત્મવિશ્વાસમાં વધારો કરનારું છે.જે 'વિકસિત ગુજરાત'ના સપનાને સાકાર કરવાની દિશામાં એક સચોટ ડગલું છે.

(**સંપાદકીય નોંધ :** આ લેખમાં આપેલ આંકડાકીય માહિતી બજેટના મુખ્ય અંશો પર આધારિત છે.)

## અભિનંદન



# શ્રી શૈલેષભાઈ મહેતા

## મહેતા હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

### જી.આઈ.ડી.સી. કઠવાડા-અમદાવાદ

**ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રતિષ્ઠિત 'પેટ્રન સભ્ય' બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન !**



**આપના જેવા સમર્પિત અને અનુભવી સભ્યોના જોડાણથી ગુજરાતના ઔદ્યોગિક વિકાસને એક નવી ઊંચાઈ અને બળ મળશે. આપનું જ્ઞાન અને માર્ગદર્શન સમગ્ર ઔદ્યોગિક સંગઠન માટે ખૂબ જ અમૂલ્ય સાબિત થશે.**

**એફ.આઈ.એ. પરિવારમાં આપનું હાર્દિક સવાગત છે.**

## આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની શાખ (Credit Rating) કેવી રીતે સુધારવી તેના પર માર્ગદર્શન

આજના આધુનિક વિશ્વમાં, વેપારની સીમાઓ હવે માત્ર એક રાજ્ય કે દેશ પૂરતી મર્યાદિત નથી. ગુજરાતના ઉદ્યોગસાહસિકો પણ હવે વૈશ્વિક સ્તરે વિસ્તરણ કરી રહ્યા છે. જો કે, આંતરરાષ્ટ્રીય બજારમાં લોન લેવી, વિદેશી રોકાણ મેળવવું કે મોટા આંતરરાષ્ટ્રીય ઓર્ડર મેળવવા માટે 'ઇન્ટરનેશનલ ક્રેડિટ રેટિંગ' એ સૌથી મહત્ત્વનું પાસું છે. સારી ક્રેડિટ રેટિંગ એ કંપનીની આર્થિક વિશ્વસનીયતાનો પાસપોર્ટ છે.

### ક્રેડિટ રેટિંગ શા માટે મહત્ત્વનું છે ?

જ્યારે તમે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરો છો, ત્યારે વિદેશી રોકાણકારો કે બેંકો તમારી કંપનીના ભૂતકાળના નાણાકીય વ્યવહાર અને ભવિષ્યની સ્થિરતા તપાસે છે. સારું રેટિંગ ધરાવતી કંપનીઓને નીચે મુજબના લાભ મળે છે :

- **ઓછા વ્યાજ દરે લોન :** સારી શાખ ધરાવતા ઉદ્યોગોને વૈશ્વિક બજારોમાંથી સસ્તા દરે ધિરાણ મળે છે.
- **વિદેશી રોકાણ :** રોકાણકારો હંમેશા એવી કંપનીઓ શોધતા હોય છે જે નાણાકીય રીતે પારદર્શક હોય.
- **આંતરરાષ્ટ્રીય ઓર્ડર્સ :** મોટા વૈશ્વિક ગ્રાહકો સપ્લાયર્સની પસંદગી કરતી વખતે તેમનું ક્રેડિટ રેટિંગ અચૂક તપાસે છે, કારણ કે તે સપ્લાય ચેઈનની સુરક્ષાની ખાતરી આપે છે.

### રેટિંગ સુધારવા માટેના વ્યવહારુ પગલાં :

૧. **નાણાકીય પારદર્શિતા :** કંપનીના નાણાકીય ઓડિટ રિપોર્ટ્સ પ્રોફેશનલ અને સચોટ હોવા જોઈએ. બેલેન્સ શીટમાં સ્પષ્ટતા અને ટેક્સ પાલન (Compliance) હોવું એ પ્રથમ શરત છે.

૨. **ડેટા મેનેજમેન્ટ :** આધુનિક સોફ્ટવેર અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમારા વ્યવસાયના ડેટાને વ્યવસ્થિત રાખો. રેટિંગ એજન્સીઓ ડેટા આધારિત નિર્ણયો લેતી હોવાથી ડેટા જેટલો સચોટ, તેટલું રેટિંગ ઊંચું.

૩. **દેવાની સમયસર ચૂકવણી :** લોન કે વ્યાજની ચૂકવણીમાં ક્યારેય વિલંબ ન કરો. તમારી પેમેન્ટ હિસ્ટ્રી તમારી વિશ્વસનીયતાનો સૌથી મોટો પુરાવો છે.

૪. **ESG પાલન :** હાલમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ (Environment), સામાજિક જવાબદારી (Social) અને ગવર્નન્સ (Governance) એટલે કે ESG સ્કોરનું ખૂબ મહત્ત્વ છે. તમારા ઉદ્યોગમાં પર્યાવરણને અનુકૂળ પ્રથાઓ અપનાવો.

૫. **પ્રોફેશનલ ગવર્નન્સ :** કંપનીમાં સ્વતંત્ર ડિરેક્ટર્સ અથવા અનુભવી સલાહકારોની નિમણૂક કરો. વ્યવસાયનું સંચાલન વ્યવસ્થિત પ્રોટોકોલ મુજબ થાય તે સુનિશ્ચિત કરો અને કંપનીના નાણાકીય માળખાને વૈશ્વિક ધોરણો મુજબ તૈયાર કરો.

- **ક્રેડિટ રેટિંગ એજન્સીઓ સાથે સતત સંપર્ક :** માત્ર રેટિંગ મેળવવું પૂરતું નથી, તમારી પ્રગતિ વિશે એજન્સીઓને નિયમિત અપડેટ્સ આપતા રહો.
- **વૈશ્વિક સ્તરના ઓડિટર્સ :** તમારી કંપનીના ઓડિટ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ઓડિટિંગ પેઢીઓની સેવા લો.

ક્રેડિટ રેટિંગ સુધારવું એ રાતોરાત થતી પ્રક્રિયા નથી. તે શિસ્તબદ્ધ નાણાકીય વ્યવહાર અને પારદર્શિતાની લાંબી સફર છે. જો આપણા ઉદ્યોગોને 'ગ્લોબલ પ્લેયર્સ' બનાવવા હોય, તો આપણે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભાષા સમજવી પડશે. કંપનીની નાણાકીય સ્વસ્થતા એ જ આપણો સૌથી મોટો ગ્રોથ ડ્રાઈવર છે.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# ઊર્જા કાર્યક્ષમતા : MSMEs માટે ખર્ચ ઘટાડવાનો અને આત્મનિર્ભર બનવાનો માર્ગ

વર્તમાન સમયમાં, કોઈપણ ઉત્પાદન એકમ માટે 'ઊર્જા ખર્ચ' એ ચિંતાનો મુખ્ય વિષય છે. વિવિધ અભ્યાસો દર્શાવે છે કે કુલ ઉત્પાદન ખર્ચમાં ઊર્જાનો હિસ્સો અંદાજે ૧૫% થી ૨૫% જેટલો હોય છે. આટલો મોટો ખર્ચ સીધો જ નફા પર અસર કરે છે. હવે સમય આવી ગયો છે કે નાના ઉદ્યોગકારો પણ ઊર્જા કાર્યક્ષમતા તરફ ગંભીરતાથી પગલાં ભરે. સરકાર પણ હવે 'ડીકાર્બોનાઇઝેશન રોડમેપ' પર ભાર મૂકી રહી છે, જેના ભાગરૂપે ઉદ્યોગોએ પર્યાવરણને અનુકૂળ અને ઊર્જા-બચત કરતા પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

ઊર્જા કાર્યક્ષમતા અપનાવવાનો સૌથી મોટો ફાયદો એ છે કે MSMEs પોતાના ઊર્જા બિલમાં ૨૦% થી ૩૦% સુધીનો ઘટાડો કરી શકે છે. આ બચત માત્ર ખર્ચ ઘટાડવા પૂરતી સીમિત નથી, પરંતુ તે કંપનીની સ્પર્ધાત્મક ક્ષમતામાં પણ વધારો કરે છે. આ માટે ઉદ્યોગકારોએ નીચે મુજબના વ્યવહારુ પગલાં લેવા જોઈએ :

- **ઊર્જા-કાર્યક્ષમ સાધનોનું સ્થાપન :** જૂના અને વધુ વીજળી વાપરતા મશીનોને બદલે આધુનિક, એનર્જી-એફિશિયન્ટ મોટર્સ અને સાધનો લગાવવા જોઈએ.
- **સોલર રૂફટોપનો ઉપયોગ :** ઉદ્યોગોએ સોલર પ્લાન્ટ્સ લગાવીને સૂર્ય ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત, જ્યાં શક્ય હોય ત્યાં અન્ય બિનપરંપરાગત ઊર્જા સ્રોતો પણ અપનાવવા જોઈએ.
- **એનર્જી ઓડિટ :** નિયમિતપણે એનર્જી ઓડિટ કરાવવાથી જાણી શકાય છે કે ઊર્જાનો બગાડ ક્યાં થઈ રહ્યો છે અને તેને કેવી રીતે રોકી શકાય.

**પરિણામો અને લાંબા ગાળાના ફાયદા :**

જ્યારે કોઈ ઉદ્યોગ ઊર્જા કાર્યક્ષમ બને છે, ત્યારે તેના પરિણામો બહુપરિમાણીય હોય છે. સૌ પ્રથમ, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થવાથી નફાકારકતા વધે છે. બીજું, ESG (Environmental, Social, and Governance) પાલન થવાથી આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ માટેના દરવાજા ખુલે છે. આજે વૈશ્વિક ગ્રાહકો એવા ઉત્પાદનોને પ્રાધાન્ય આપે છે જે પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડીને બનાવવામાં આવ્યા હોય. આ રીતે, ઊર્જા કાર્યક્ષમતા એ માત્ર ખર્ચ ઘટાડવાનું સાધન નથી, પરંતુ નિકાસ માટેની એક મોટી તક પણ છે.

વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી જોઈએ તો, આ પગલું ભારતની ઊર્જા બિલમાં ઘટાડો કરશે અને વિદેશી ઊર્જા સ્રોતો પરની આપણી નિર્ભરતા ઘટાડવામાં પણ મદદ કરશે. હાલની યુદ્ધ જેવી વૈશ્વિક પરિસ્થિતિના સમયે, સ્વદેશી અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતો પર નિર્ભર રહેવું એ બિઝનેસની સુરક્ષા માટે અત્યંત જરૂરી છે. જો ઉદ્યોગો પાસે પોતાની ઊર્જા હશે, તો વૈશ્વિક સંકટના સમયે પણ કામગીરી અટકી નહીં પડે.

ગુજરાતના ઉદ્યોગકારો માટે આ એક પરિવર્તનનો સમય છે. સરકારની વિવિધ સબસિડી યોજનાઓ અને બેંક લોન દ્વારા સોલર પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પરિવર્તનને એક તક તરીકે જુઓ. ઊર્જાની બચત એ જ ઊર્જાની કમાણી છે. આવનારી પેઢી માટે અને આપણા ઉદ્યોગોના સુરક્ષિત ભવિષ્ય માટે, આજે જ ઊર્જા કાર્યક્ષમતા તરફ ડગ માંડવા એ દરેક ઉદ્યોગસાહસિકની નૈતિક જવાબદારી પણ છે.

ચાલો, આપણે સાથે મળીને એક 'ગ્રીન અને આત્મનિર્ભર' ગુજરાતનું નિર્માણ કરીએ.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# ક્લસ્ટર-આધારિત વિકાસ : ગુજરાતના GIDC ઉદ્યોગોનું ઉજ્જ્વળ ભવિષ્ય

આજના ઝડપથી બદલાતા વૈશ્વિક અને સ્થાનિક ઔદ્યોગિક વાતાવરણમાં, સરકારનો અભિગમ હવે વ્યક્તિગત ઉદ્યોગોને બદલે 'ઔદ્યોગિક ક્લસ્ટર્સ' (Industrial Clusters) પર કેન્દ્રિત થઈ રહ્યો છે . આ વ્યૂહરચના રાજ્યના GIDC ઉદ્યોગો માટે વિકાસના નવા દ્વાર ખોલનારી સાબિત થઈ શકે તેમ છે. ક્લસ્ટર-આધારિત વિકાસ મોડેલનો મુખ્ય હેતુ સમાન પ્રકારના ઉદ્યોગોને એકસાથે લાવીને તેમની કાર્યક્ષમતામાં વધારો કરવાનો અને સમગ્ર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે.

સરકાર આ નવી નીતિમાં 'કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર' (Common Infrastructure)ના નિર્માણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે ઉદ્યોગો એક ક્લસ્ટરમાં સંગઠિત થાય છે, ત્યારે તેમને રસ્તા, વીજળી, પાણી, વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અન્ય પાયાની સુવિધાઓ સંયુક્ત રીતે ઉપલબ્ધ બને છે. આનાથી દરેક એકમનો વ્યક્તિગત ખર્ચ ઘટે છે અને સંસાધનોનો મહત્તમ ઉપયોગ શક્ય બને છે. ઉદ્યોગપતિઓ માટે આ સુવિધાઓનો વહેંચાયેલ ઉપયોગ લાંબા ગાળે આર્થિક સ્થિરતા લાવવામાં મદદરૂપ સાબિત થાય છે.

આ વિકાસ મોડેલનું સૌથી મહત્વનું પાસું 'પ્લગ-એન્ડ-પ્લે' (Plug-and-play) મોડેલ છે. સરકાર હવે એવું વાતાવરણ બનાવવા માંગે છે કે જ્યાં ઉદ્યોગસાહસિકોએ પાયાની સુવિધાઓ માટે લાંબો સમય રાહ ન જોવી પડે. આ મોડેલ હેઠળ, ઉદ્યોગ એકમ સ્થાપવા માટે જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અગાઉથી તૈયાર હોય છે, જેથી ઉદ્યોગો ઝડપથી તેમનું ઉત્પાદન કાર્ય શરૂ કરી શકે. આ અભિગમથી માત્ર સમયની બચત જ નથી થતી, પરંતુ પ્રોજેક્ટ્સની સફળતાની સંભાવના પણ અનેકગણી વધી જાય છે.

ક્લસ્ટર-આધારિત અભિગમના મુખ્ય ફાયદાઓને નીચે મુજબ સમજી શકાય છે :

- **નીચો ખર્ચ :** સંસાધનો અને સુવિધાઓ વહેંચાઈ જવાથી ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય છે, જે સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા માટે અનિવાર્ય છે.
- **વહેંચાયેલી સુવિધાઓ :** ટેકનિકલ લેબ્સ, ટ્રેનિંગ સેન્ટર્સ અને લોજિસ્ટિક્સ જેવી સુવિધાઓનો સહિયારો ઉપયોગ ઉદ્યોગોની ગુણવત્તામાં સુધારો કરે છે.
- **ઝડપી મંજૂરીઓ :** ક્લસ્ટર પ્રોજેક્ટ્સને પ્રાધાન્ય મળવાથી સરકારી મંજૂરીઓની પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને ઝડપી બને છે, જે રોકાણકારોનો વિશ્વાસ વધારે છે.

આ દિશામાં સરકારના નક્કર પગલાંઓ સ્પષ્ટપણે જોવા મળે છે. કચ્છના છાછી અને પોરબંદરના કુછડી ખાતે પ્રસ્તાવિત નવા 'શિપબિલ્ડિંગ ક્લસ્ટર્સ' આનું ઉદાહરણ છે. આ પ્રોજેક્ટ્સ માત્ર જહાજ નિર્માણ ક્ષમતામાં વધારો કરશે એટલું જ નહીં, પણ સ્થાનિક સ્તરે રોજગારી અને ટેકનોલોજીના ટ્રાન્સફર માટે નવા અવસર ઊભા કરશે.

વધુમાં, સરકાર બજેટ પહેલ દ્વારા રાજ્યના અંદાજે ૨૦૦ ઔદ્યોગિક ક્લસ્ટર્સના પુનરુત્થાન (Revival) પર ધ્યાન આપી રહી છે. આ નિર્ણય જૂના અને જર્જરિત થઈ ગયેલા GIDC એસ્ટેટ્સમાં નવા પ્રાણ ફૂંકશે. જ્યારે જૂના ક્લસ્ટર્સને આધુનિક સુવિધાઓ સાથે જોડવામાં આવશે, ત્યારે તે MSMEs માટે એક મોટી તક બનશે. આ પગલું ગુજરાતના ઔદ્યોગિક પાયાને વધુ મજબૂત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવશે.

નિષ્કર્ષમાં, ક્લસ્ટર-આધારિત વિકાસ એ માત્ર એક સરકારી નીતિ નથી, પરંતુ ગુજરાતના લાખો નાના ઉદ્યોગો માટે પ્રગતિનો એક નવો માર્ગ છે. જ્યારે ઉદ્યોગો એકતામાં કામ કરશે, ત્યારે તેઓ માત્ર રાજ્યના જીડીપીમાં યોગદાન આપશે એવું નહીં, પરંતુ આત્મનિર્ભર ભારતની પરિકલ્પનાને સાકાર કરવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. ઉદ્યોગોએ આ બદલાતા ઔદ્યોગિક માળખાને અપનાવીને પોતાના વ્યવસાયોને આધુનિક બનાવવાની દિશામાં આગળ વધવું જોઈએ.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) પોલિસી ૨૦૨૫-૩૦

### "વિકસિત ગુજરાત ૨૦૪૭" તરફનો ઔદ્યોગિક ઈકોસિસ્ટમમાં ગેમ-ચેન્જર સુધારો

ભારતની અર્થવ્યવસ્થામાં આશરે ૮.૩% યોગદાન અને દેશની કુલ નિકાસમાં ૩૧% હિસ્સો ધરાવતું ગુજરાત હંમેશા નીતિ-આધારિત શાસન અને પ્રગતિશીલ ઔદ્યોગિક દ્રષ્ટિકોણ માટે ઓળખાય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રજૂ કરાયેલ "વિકસિત ભારત@૨૦૪૭" ના વિઝનને સાકાર કરવા ગુજરાત સરકારે ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ Gujarat Global Capability Center (GCC) Policy (2025-30) જાહેર કરી છે.

આ પોલિસી માત્ર એક પ્રોત્સાહન યોજના નથી, પરંતુ રાજ્યના ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મેન્યુફેક્ચરિંગ હબમાંથી "નોલેજ, ટેકનોલોજી અને ઈનોવેશન હબ" તરફ પરિવર્તિત કરવાની દિશામાં એક ઐતિહાસિક પહેલ છે.

### GCC શું છે અને કેમ મહત્ત્વપૂર્ણ છે ?

ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs) હવે માત્ર આઉટસોર્સિંગ સેન્ટર્સ નથી. તેઓ ટેકનોલોજી, એન્જિનિયરિંગ R&D, ફિનટેક, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા એનાલિટિક્સ, બેંકિંગ-ફાઈનાન્સ, હેલ્થકેર અને ગ્લોબલ બિઝનેસ સર્વિસિસના વ્યૂહાત્મક કેન્દ્રો છે.

વિશ્વની અગ્રણી મલ્ટીનેશનલ કંપનીઓ હવે ભારતને તેમની ગ્લોબલ ઓપરેશન્સ માટે મુખ્ય આધાર તરીકે અપનાવી રહી છે. ગુજરાત, તેની મજબૂત ઔદ્યોગિક પરંપરા, વિશ્વ-સ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુશળ માનવશક્તિના કારણે, GCC માટે સ્વાભાવિક ગંતવ્ય બની રહ્યું છે.

ગીફ્ટ સિટી, ધોલેરા SIR, દહેજ અને મંડલ-બેચરાજપુર જેવા વિશિષ્ટ રોકાણ વિસ્તારો, ૨૦૦થી વધુ ઔદ્યોગિક એસ્ટેટ્સ અને ૫,૦૦૦થી વધુ ICT કંપનીઓ સાથેનું સશક્ત ઈકોસિસ્ટમ રાજ્યને વૈશ્વિક રોકાણકારો માટે અત્યંત આકર્ષક બનાવે છે.

### પોલિસીનું વિઝન અને મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંકો

૨૦૨૫-૩૦ દરમિયાન રાજ્ય સરકારે નીચે મુજબના સ્પષ્ટ લક્ષ્યાંકો નક્કી કર્યા છે :

- ઓછામાં ઓછા ૨૫૦ નવા GCC યુનિટ્સ
- આશરે ₹૧૦,૦૦૦ કરોડનું રોકાણ
- ૫૦,૦૦૦થી વધુ સીધા હાઈ-સ્કિલ રોજગાર

આ લક્ષ્યાંકો માત્ર આંકડા નથી, પરંતુ ગુજરાતના આગામી દાયકાના આર્થિક નકશાને ફરીથી વ્યાખ્યાયિત કરવાની દિશામાં મજબૂત પ્રતિબદ્ધતા છે.

### પાત્રતા અને રોકાણ કેટેગરી

પોલિસી હેઠળ નવા તથા વિસ્તરણ કરતા હયાત એકમો પાત્ર છે. લઘુત્તમ ૫૦ કર્મચારીઓ પેરોલ પર હોવા આવશ્યક છે.

**મેગા પ્રોજેક્ટની વ્યાખ્યા :**

- ₹૨૫૦ કરોડથી વધુ GFCI રોકાણ **અથવા**
- ૫૦૦થી વધુ સીધા રોજગાર

### CAPEX અને OPEX આધારિત આકર્ષક પ્રોત્સાહન માળખું

૧ **CAPEX સહાય**

| **કેટેગરી** | **સહાય મર્યાદા** |
|---|---|
| ₹૨૫૦ કરોડથી ઓછી | મહત્તમ ₹૫૦ કરોડ |
| મેગા પ્રોજેક્ટ | મહત્તમ ₹૨૦૦ કરોડ |

- બિલ્ડિંગ અને ફિક્સ્ડ એસેટ્સ પર ૨૦% સહાય
- આઈટી હાર્ડવેર, સોફ્ટવેર અને નેટવર્કિંગ પર ૩૦% સહાય

૨ **OPEX સહાય (૫ વર્ષ સુધી)**

| કેટેગરી | વાર્ષિક મર્યાદા |
|---|---|
| કેટેગરી-I | ₹૨૦ કરોડ |
| મેગા પ્રોજેક્ટ | ₹૪૦ કરોડ |

- ઓપરેશનલ ખર્ચ પર ૧૫% સહાય
- ભાડા, ક્લાઉડ, બેન્ડવિડ્થ અને વીજ ખર્ચનો સમાવેશ

આ માળખું રોકાણકારોને પ્રારંભિક મૂડી ખર્ચ અને સંચાલન ખર્ચ બંનેમાં નોંધપાત્ર રાહત આપે છે.

### રોજગાર અને મહિલા સશક્તિકરણ - પોલિસીનો કેન્દ્રબિંદુ

Employment Generation Incentive (EGI)

- પુરુષ કર્મચારી : ₹૫૦,૦૦૦ (વન-ટાઈમ)
- મહિલા કર્મચારી : ₹૬૦,૦૦૦ (વન-ટાઈમ)

EPF રીઈમ્બર્સમેન્ટ (૫ વર્ષ)

- મહિલા કર્મચારી માટે ૧૦૦%
- પુરુષ કર્મચારી માટે ૭૫%

આ પગલાં રાજ્યમાં સમાવેશી અને સંતુલિત રોજગાર વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે.

**અન્ય મુખ્ય પ્રોત્સાહનો**

- ટર્મ લોન પર ૭% વ્યાજ સહાય (₹૧ કરોડ પ્રતિ વર્ષ સુધી)
- ૫ વર્ષ માટે સંપૂર્ણ વીજ ડ્યુટી માફ
- પેટન્ટ ફાઈલિંગ પર ₹૧૦ લાખ સુધી સહાય
- ક્વોલિટી સર્ટિફિકેશન ફી પર ૮૦% (₹૧૦ લાખ સુધી)
- ગ્લોબલ સ્કિલિંગ કોર્સ માટે ₹૫૦,૦૦૦ સુધી DBT

ડિજિટલ મંજૂરી પ્રક્રિયા માનવ હસ્તક્ષેપ ઘટાડીને પારદર્શિતા અને ઝડપ વધારશે.

### Tier-2 અને Tier-3 શહેરો માટે સુવર્ણ તક

હાલ GCCનું કેન્દ્ર મુખ્યત્વે અમદાવાદ અને વડોદરા છે. આ પોલિસી સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર અને અન્ય શહેરોમાં સંતુલિત ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. આથી રાજ્યવ્યાપી હાઈ-વેલ્યુ રોજગાર અને સર્વિસ ઈકોસિસ્ટમ વિકસશે.

### MSMEs માટે શું અર્થ?

આ પોલિસીથી ઊભા થનાર ઈકોસિસ્ટમનો સીધો લાભ MSMEs ને મળશે :

- સપ્લાય ચેઈન અને સપોર્ટ સર્વિસિસમાં તકો
- ટેકનોલોજી અપગ્રેડેશન અને પાર્ટનરશિપ
- ઉચ્ચ કુશળ માનવશક્તિની ઉપલબ્ધતા
- કો-ઈનોવેશન અને R&D સહયોગ

### ગુજરાત હવે ગ્લોબલ

ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પોલિસી ૨૦૨૫-૩૦ રાજ્યને વૈશ્વિક નવીનતા અને હાઈ-વેલ્યુ સર્વિસિસના નકશા પર મજબૂત સ્થાન અપાવશે. CAPEX-OPEX સહાય, રોજગાર આધારિત પ્રોત્સાહન, મહિલા સશક્તિકરણ અને ડિજિટલ ગવર્નન્સ - આ ચાર સ્તંભો રાજ્યના આગામી ઔદ્યોગિક યુગનો પાયો છે. "વિકસિત ગુજરાત ૨૦૪૭" હવે માત્ર વિઝન નથી તે એક અમલીકરણની દિશામાં આગળ વધતું સશક્ત આયોજન છે.

(વધુ વિગતો માટે સંપર્ક કરો: વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર)

## શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી મોહિનીદેવી દુધાની**

એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી નિર્મલકુમાર દુધાનીના માતૃશ્રીનું તા. ૧૪-૦૩-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.



**સ્વ. શ્રી ગોરધનભાઈ પટેલ**

(પ્રમુખશ્રી બાલીસણા જી.આઈ.ડી.સી. તા.જિ. પાટણ) એફ.આઈ.એ.ના ભૂતપૂર્વ કારોબારી સભ્ય તા. ૧૩/૦૨/૨૦૨૬ના રોજ દુખદ અવસાન થયેલ છે.



**સ્વ. શ્રી મગનભાઈ પંચાલ**

(એફ.આઈ.એ. દક્ષિણ ઝોનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વિપુલભાઈ પંચાલના પૂજ્ય પિતાશ્રીનું દુખદ અવસાન થયેલ છે.)

**પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તથા તેમના સર્વે પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી સમગ્ર એફ.આઈ.એ પરિવાર તરફથી પ્રાર્થના.**

**॥ ૐ શાંતિ ॥**

# ગુજરાતમાં MSME નોંધણીનો ૩૦ લાખનો આંકડો પાર : ઉદ્યોગોના ઔપચારિકીકરણની નવી ગાથા

ગુજરાતના ઔદ્યોગિક ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ નોંધાઈ છે. રાજ્યમાં MSME (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) નોંધણીની સંખ્યા ૩૦ લાખને પાર કરી ગઈ છે. આ સિદ્ધિ દર્શાવે છે કે ગુજરાત હવે ભારતના ટોચના ૫ રાજ્યોમાં સ્થાન પામીને દેશના ઔદ્યોગિક વિકાસનું એન્જિન બની રહ્યું છે. નોંધણીનો આ આંકડો માત્ર એક સંખ્યા નથી, પરંતુ ગુજરાતમાં વ્યાપારના 'ઔપચારિકીકરણ' (Formalization) ની દિશામાં લેવાયેલું એક મજબૂત અને નિર્ણાયક પગલું છે.

જ્યારે કોઈ એકમ નોંધણી કરાવે છે, ત્યારે તે સરકારી દસ્તાવેજો અને મુખ્ય પ્રવાહના અર્થતંત્રનો હિસ્સો બને છે. આ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ₹૨,૩૧૦ કરોડની સહાય સીધી રીતે ઉદ્યોગોને વિતરિત કરી છે. આ આર્થિક સહાય એ વાતની સાબિતી છે કે સરકાર ઉદ્યોગોને માત્ર નોંધણી કરવા માટે જ નથી કહેતી, પરંતુ તેમના વિકાસમાં ભાગીદાર પણ બની રહી છે.

### MSME નોંધણીનો અર્થ શું છે ?

ઘણા ઉદ્યોગસાહસિકોના મનમાં પ્રશ્ન હોય છે કે નોંધણી કરાવવાથી શું ફાયદો ? હકીકતમાં, નોંધણી એટલે વ્યવસાય માટે સુરક્ષા અને વિકાસની નવી તકો. નોંધણી કરાવનાર એકમો નીચે મુજબના અનેક લાભો માટે પાત્ર બને છે :

- **સબસિડીનો લાભ :** ટેકનોલોજી અપગ્રેડેશન, વ્યાજ સબસિડી અને માળખાકીય સુવિધાઓ માટે સરકાર તરફથી મળતી સબસિડીનો સીધો લાભ નોંધાયેલા એકમોને મળે છે.
- **બેંક ધિરાણ (Bank Finance) :** નોંધણીના પ્રમાણપત્ર સાથે બેંકમાંથી લોન મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને ઓછા વ્યાજ દરે શક્ય બને છે, કારણ કે બેંકો નોંધાયેલા એકમોને વધુ વિશ્વસનીય ગણે છે.
- **સરકારી યોજનાઓ (Govt Schemes) :** કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેક યોજનાઓ જેવી કે ક્લસ્ટર ડેવલપમેન્ટ, નિકાસ પ્રોત્સાહન અને કૌશલ્ય વિકાસના કાર્યક્રમોનો લાભ માત્ર નોંધાયેલા MSMEs ને જ મળે છે.

### MSMEs માટે આ એક નવો યુગ છે

નોંધણીના આ આંકડા પાછળનું સૌથી મોટું રહસ્ય ઉદ્યોગપતિઓમાં આવેલી જાગૃતિ છે. હવે MSMEs સમજી રહ્યા છે કે જ્યારે તેઓ ઔપચારિક બને છે, ત્યારે તેમની કાર્યક્ષમતા વધે છે. જ્યારે સરકાર પાસે ડેટા હોય છે, ત્યારે તે ચોક્કસ નીતિઓ બનાવી શકે છે જે સીધી રીતે ઉદ્યોગપતિઓની જરૂરિયાતોને પૂરી કરે છે. ૩૦ લાખનો આ આંકડો એ વાતની સાબિતી છે કે ગુજરાતના ઉદ્યોગસાહસિકો વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે તૈયાર છે.

જે ઉદ્યોગો નોંધાયેલા છે, તેમને Government Tendersમાં પ્રાધાન્ય મળે છે. આ ઉપરાંત, માર્કેટિંગ સપોર્ટ અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં ભાગ લેવા માટે પણ નોંધણી એક અનિવાર્ય દસ્તાવેજ બની ગયું છે.

જે એકમો હજુ પણ નોંધાયેલ નથી, તેઓ વહેલી તકે Udyam Registration જેવી પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ. આ માત્ર એક નોંધણી નથી, પરંતુ વ્યવસાયને સુરક્ષિત અને વિસ્તૃત કરવાની ચાવી છે. આપણો વ્યવસાય જેટલો વધુ પારદર્શક અને નોંધાયેલો હશે, તેટલી જ સરકારની મદદ આપણા સુધી સરળતાથી પહોંચશે.

ગુજરાતનું લક્ષ્ય માત્ર ૩૦ લાખ નોંધણીઓ સુધી સીમિત નથી, પરંતુ દરેક નાના ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાનું છે. આપણે સૌ સાથે મળીને આ ઔપચારિકીકરણની ચળવળને વધુ વેગ આપી, ગુજરાતના ઔદ્યોગિક ગૌરવને નવા શિખરો પર લઈ જઈ શકીએ છીએ. આપણો દરેક નાનો પ્રયાસ ગુજરાતના અર્થતંત્રને મજબૂત બનાવવામાં એક મોટું યોગદાન આપશે.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# ગુજરાતમાં જહાજ નિર્માણ (Shipbuilding) ક્ષેત્રે નવી આશાઓ અને પડકારો

ગુજરાત સરકાર દ્વારા જહાજ નિર્માણ અને સમારકામ ક્ષેત્રે નવી નીતિ જાહેર કરવાની તૈયારીઓ વચ્ચે રાજ્યમાં બે નવા જહાજ નિર્માણ ક્લસ્ટર્સ સ્થાપવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. આ પહેલ એવા સમયે કરવામાં આવી છે જ્યારે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે મેરિટાઇમ ક્ષેત્રમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૪૭ સુધીમાં પોતાની જહાજ નિર્માણ ક્ષમતાને ૩ મિલિયન GT (Gross Tonnage) સુધી વધારવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું છે.

રાજ્ય સરકારે આ ક્લસ્ટર્સ માટે બે મુખ્ય સ્થળોની પસંદગી કરી છે, જેમાં કચ્છ જિલ્લાનું છાછી (Chhachhi) અને પોરબંદર જિલ્લાનું કુછડી (Kuchhadi) સામેલ છે. આ ઉપરાંત, સરકાર વધુ ત્રણ નવા ગ્રીનફિલ્ડ શિપયાર્ડ્સ વિકસાવવા માટે પણ સ્થળોની ઓળખ કરવાની પ્રક્રિયામાં છે. છાછી ખાતેનું પ્રસ્તાવિત ક્લસ્ટર અંદાજે ૯૯૦ હેક્ટર વિસ્તારમાં પથરાયેલું હશે અને તેમાં ૬.૭૫ કિલોમીટર લાંબો વોટરફ્રન્ટ હશે. તેવી જ રીતે, પોરબંદરના કુછડી ખાતેનું ક્લસ્ટર ૮૭૦ હેક્ટર વિસ્તારમાં વિસ્તરેલું હશે, જેનો વોટરફ્રન્ટ ૭.૦૬ કિલોમીટર લાંબો રહેશે.

જોકે, આ નવી જાહેરાતોની સાથે ભૂતકાળના અનુભવો પણ ચર્ચાનો વિષય બન્યા છે. છેલ્લી જહાજ નિર્માણ નીતિ વર્ષ ૨૦૧૦માં આવી હતી, અને છેલ્લા ૧૬ વર્ષોમાં કોઈ નવી નીતિ અમલમાં આવી નથી. વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૯ દરમિયાન સરકારે દાહેજ, ઘોઘા, ભાવનગર, પીપાવાવ, વેરાવળ અને માંડવી સહિત છ સ્થળોએ ક્લસ્ટર વિકસાવવાની યોજના બનાવી હતી, પરંતુ આ પ્રોજેક્ટ્સ જમીની સ્તરે ઉતરી શક્યા નથી. નિષ્ણાતોના મતે તે સમયની યોજનાઓ ઘણી વધારે મહત્ત્વાકાંક્ષી હતી. તાજેતરમાં, કંડલા પાસે પણ એક મેગા ક્લસ્ટર બનાવવાનું આયોજન હતું, પરંતુ બિડિંગમાં ઓછો પ્રતિસાદ મળતા તેને ઘટાડી દેવામાં આવ્યું હતું.

ગુજરાતમાં શિપબિલ્ડિંગ ઉદ્યોગના ઇતિહાસમાં કેટલીક મોટી કંપનીઓના સંઘર્ષો પણ નોંધપાત્ર રહ્યા છે. અગાઉ ભારતની સૌથી મોટી ખાનગી શિપયાર્ડ ગણાતી ABG Shipyard એ માંગમાં ઘટાડો અને અન્ય કારણોસર ૨૦૧૯માં કામગીરી બંધ કરી દીધી હતી. આ ઉપરાંત, સરકારી કંપની 'અલકોક એશડાઉન' (Alcock Ashdown) પણ પ્રોજેક્ટમાં વિલંબ અને નુકસાનને કારણે ૨૦૧૩માં બંધ થઈ હતી. હાલમાં ગુજરાતમાં માત્ર ત્રણ મુખ્ય શિપબિલ્ડિંગ સુવિધાઓ કાર્યરત છે: પીપાવાવ (સ્વાન ગ્રૂપ), ભાવનગર (મોડેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર) અને ભરૂચના કલોદરા ખાતે (શોફ્ટ).

હાલની સ્થિતિમાં, ગુજરાત મેરિટાઇમ બોર્ડ (GMB)ના અધિકારીઓ આ નવા પ્રોજેક્ટ્સને લઈને આશાવાદી છે. વિશ્વના મુખ્ય જહાજ સપ્લાયર્સ જેવા કે ચીન, જાપાન અને કોરિયાના શિપયાર્ડ્સ અત્યારે સંપૂર્ણ રીતે વ્યસ્ત છે અને આગામી ૧૦ વર્ષ સુધી નવા ઓર્ડર સ્વીકારી શકે તેવી સ્થિતિમાં નથી. આ પરિસ્થિતિ ગુજરાત માટે તક સમાન છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવી નીતિમાં કોઈ પણ પ્રકારના પ્રોજેક્ટ્સ અટકે નહીં તે માટે 'પ્લગ-એન્ડ-પ્લે' મોડલ અપનાવવાની તૈયારી છે, જે કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નાણાકીય પ્રોત્સાહનો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

કેન્દ્ર સરકાર દ્વારા મેરિટાઇમ સેક્ટર માટે લગભગ ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના ફંડની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી ૨૮,૦૦૦ કરોડ રૂપિયા ખાસ કરીને વિદેશી જહાજો પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે શિપબિલ્ડિંગને પ્રોત્સાહન આપવા માટે ફાળવવામાં આવ્યા છે. જો ગુજરાત સરકાર આ નવી નીતિ સાથે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક પ્રોત્સાહનોનું સંતુલન જાળવી શકશે, તો રાજ્ય ફરી એકવાર વૈશ્વિક સ્તરે જહાજ નિર્માણના હબ તરીકે ઉભરી શકશે. ઉદ્યોગ જગત હવે સરકારની આ નવી નીતિ અને તેના અમલીકરણના નક્કર પગલાંઓની રાહ જોઈ રહ્યું છે.

# ટેકનોલોજી અપગ્રેડેશન : આજના સમયની અનિવાર્યતા અને અસ્તિત્વનો આધાર

આજના વૈશ્વિક સ્પર્ધાત્મક યુગમાં, ઔદ્યોગિક ક્ષેત્રે ટકી રહેવા માટે માત્ર મહેનત પૂરતી નથી, પરંતુ સ્માર્ટ વર્કની પણ જરૂર છે. MSMEs માટે હવે 'ટેકનોલોજી અપગ્રેડેશન' એ કોઈ વિકલ્પ નથી, પરંતુ લાંબા ગાળાના અસ્તિત્વ માટેની એક અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. જે ઉદ્યોગો સમય સાથે બદલાશે અને આધુનિક ટેકનોલોજીને અપનાવશે, તેઓ જ ભવિષ્યની બજારમાં પોતાનું સ્થાન જાળવી શકશે.

ભવિષ્ય માટે તૈયાર થવા માટે ઉદ્યોગોએ કેટલીક મુખ્ય ટેકનોલોજીઓ પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે :

- **ઓટોમેશન (ઓછી કિંમતનું રોબોટિક્સ) :** નાના અને મધ્યમ કદના ઉદ્યોગો હવે ઓટોમેશનના માધ્યમથી ઉત્પાદન પ્રક્રિયાને ઝડપી અને સચોટ બનાવી શકે છે, જે માનવીય ભૂલો ઘટાડવામાં મદદ કરે છે.
- **AI-આધારિત ક્વૉલિટી કંટ્રોલ :** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ઉત્પાદનોની ગુણવત્તાનું નિરીક્ષણ કરવાથી ખામીયુક્ત માલનું પ્રમાણ નહિવત્ થઈ જાય છે, જેનાથી ગ્રાહકોનો વિશ્વાસ વધે છે.
- **IoT દ્વારા મશીન મોનિટરિંગ :** ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) ની મદદથી મશીનોના પ્રદર્શન પર રીયલ-ટાઈમ દેખરેખ રાખી શકાય છે, જેનાથી અચાનક આવતા બ્રેકડાઉનને અટકાવી શકાય છે અને જાળવણી ખર્ચ ઘટાડી શકાય છે.

## આ ટેકનોલોજી અપગ્રેડેશન શા માટે મહત્ત્વનું છે ?

આજના સમયમાં મોટા ઔદ્યોગિક ગૃહો અને કોર્પોરેટ કંપનીઓ સપ્લાય ચેઈન પાર્ટનર્સ પાસેથી અત્યંત ચોકસાઈ (Precision) અને નિર્ધારિત માનકોનું પાલન (Compliance) અપેક્ષિત રાખે છે. જો આપણે આ ટેકનોલોજીને અપનાવીશું નહીં, તો આપણે મોટી કંપનીઓ સાથે કામ કરવાની તકો ગુમાવી બેસીશું. વધુમાં, જ્યારે MSMEs આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ કરવા માંગતા હોય, ત્યારે ત્યાંની ગુણવત્તા પ્રમાણપત્રની કડક જરૂરિયાતોને ટેકનોલોજી વિના પૂરી કરવી લગભગ અશક્ય છે.

આધુનિકીકરણના અન્ય કેટલાક ફાયદાઓ નીચે મુજબ છે :

- **ઉત્પાદકતામાં વધારો :** આધુનિક મશીનો અને સોફ્ટવેર ઓછા સમયમાં વધુ અને ઉચ્ચ ગુણવત્તાનું ઉત્પાદન કરવામાં સક્ષમ છે.
- **ઊર્જા અને સંસાધનોની બચત :** સ્માર્ટ ટેકનોલોજી વીજળી અને કાચા માલનો બગાડ ઘટાડે છે, જે સીધી રીતે કંપનીના નફામાં વધારો કરે છે.
- **સ્પર્ધાત્મકતામાં વૃદ્ધિ :** ટેકનોલોજીના ઉપયોગથી ઉત્પાદન ખર્ચ ઘટે છે, પરિણામે આપણે બજારમાં વધુ સારી કિંમતે સ્પર્ધા કરી શકીએ છીએ.
- **ડેટા-આધારિત નિર્ણય :** ટેકનોલોજી આપણને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ વિશે સચોટ ડેટા આપે છે, જેના આધારે વ્યવસાયિક નિર્ણયો વધુ અસરકારક રીતે લઈ શકાય છે.

અનુભવી ઉદ્યોગપતિઓએ સમજવું પડશે કે ટેકનોલોજી અપગ્રેડેશન એ ખર્ચ નથી, પરંતુ રોકાણ છે. સરકાર પણ વિવિધ સબસિડી અને પ્રોત્સાહક યોજનાઓ દ્વારા ઉદ્યોગોને ટેકનોલોજી અપગ્રેડ કરવા માટે પ્રોત્સાહન આપી રહી છે. તેથી ઉદ્યોગકારોએ આ યોજનાઓનો લાભ લેવો જોઈએ અને તબક્કાવાર રીતે પોતાના પ્લાન્ટમાં આધુનિકીકરણ શરૂ કરવું જોઈએ.

અંતમાં, ટેકનોલોજી અપગ્રેડેશન એ માત્ર મોટા એકમોની વાત નથી, પરંતુ નાના એકમો માટે તે એક નવી શરૂઆત છે. યાદ રાખો, બદલાવને સ્વીકારનાર જ અગ્રેસર રહે છે. આપણી આધુનિક વિચારસરણી જ આપણા ઉદ્યોગોને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

# વડોદરા રિઝનલ વાઈબ્રન્ટ સમીટ : મધ્ય ગુજરાતના ઉદ્યોગો અને MSMEs માટે 'ગ્લોબલ ગેટવે'



તાજેતરમાં વડોદરાની GSFC યુનિવર્સિટી ખાતે 'Regional Aspirations, Global Ambitions' થીમ હેઠળ ચોથી વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ (VGRC) સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ બે દિવસીય સમીટ માત્ર મોટા રોકાણો લાવવાનું પ્લેટફોર્મ નથી, પરંતુ આપણા સ્થાનિક એકમોને વૈશ્વિક બજાર સાથે જોડતી એક મજબૂત કડી સાબિત થઈ છે.

આ સમીટમાં મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાઓ માટે રૂ. ૩.૩૪ લાખ કરોડથી વધુના રોકાણો ધરાવતા ૩,૭૫૯ જેટલા MoUs સાઈન થયા છે, જે આગામી સમયમાં અંદાજે ૨ લાખ નવી રોજગારીની તકો ઊભી કરશે.

### ૧. નવી 'ઔદ્યોગિક નીતિ ૨૦૨૬': MSMEs માટે ખાસ આકર્ષણ

આ સમીટ દરમિયાન રાજ્ય સરકારની નવી ઘોષિત થયેલી ઔદ્યોગિક નીતિ વિશે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ પોલિસીમાં પ્રથમ વખત 'Choose Your Incentive' (તમારી જરૂરિયાત મુજબના પ્રોત્સાહનો પસંદ કરો) ફીચર રજૂ કરાયું છે, જે MSMEs અને સ્ટાર્ટઅપ્સને તેમની અનુકૂળતા મુજબ સબસિડી કે પ્રોત્સાહન પસંદ કરવાની આઝાદી આપશે.

### ૨. નવી ૩૩ 'સ્માર્ટ GIDC એસ્ટેટ્સ' ની જાહેરાત

સમગ્ર ગુજરાતમાં ૧૩,૦૦૦ એકર વિસ્તારને આવરી લેતી ૩૩ નવી સ્માર્ટ GIDC એસ્ટેટ્સ બનાવવાની જાહેરાત પૂરક નીતિ તરીકે કરવામાં આવી છે. આ પૈકી ખેડા, પંચમહાલ અને છોટાઉદેપુર સહિતના વિસ્તારોમાં નવી સ્માર્ટ GIDC બનવાથી સ્થાનિક સ્તરે એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્લોટ્સની ફાળવણી અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સીધો લાભ મળશે.

### ૩. એરોસ્પેસ, ડિફેન્સ અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) સપ્લાય ચેઈન

વડોદરામાં ટાટા-એરબસ સી-૨૯૫ એરક્રાફ્ટ પ્રોજેક્ટના આગમન સાથે જ આ એરિયા ડિફેન્સ અને એરોસ્પેસનું હબ બન્યો છે. આ સમીટના બીજા દિવસે ડિફેન્સ સેક્ટરમાં રૂ. ૨,૫૫૦ કરોડના નવા MoUs થયા છે. આ મોટા પ્રોજેક્ટ્સ આવવાથી આપણી સ્થાનિક GIDC ના એન્જિનિયરિંગ, કાસ્ટિંગ, ફોર્જિંગ અને ઈલેક્ટ્રિકલ મેન્યુફેક્ચરિંગ કરતા MSME એકમોને મોટા પાયે વેન્ડર ડેવલપમેન્ટ અને સબ-કોન્ટ્રેક્ટિંગના ઓર્ડર્સ મળશે.

### ૪. ગ્રીન એનર્જી અને સરપ્લસ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ઉદ્યોગોના સાતત્યપૂર્ણ વિકાસ માટે વીજળી સૌથી મહત્ત્વનું પરિબળ છે. કેન્દ્રીય ઊર્જા મંત્રીની હાજરીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે ગુજરાત ૫૦ ગીગાવોટથી વધુ ઈન્સ્ટોલ્ડ ગ્રીન એનર્જી કેપેસિટી સાથે પાવર-સરપ્લસ રાજ્ય છે. ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા સેન્ટર્સ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગોની જરૂરિયાતોને પહોંચી વળવા ૩૦૦ ગીગાવોટ સુધીનું આયોજન ચાલી રહ્યું છે, જે ઉદ્યોગોને ક્વોલિટી પાવરની ખાતરી આપે છે.

### ૫. મહિલા ઉદ્યોગસાહસિકો (Women Entrepreneurs) માટે ૩૬૦-ડિગ્રી સપોર્ટ

નવી નીતિ અંતર્ગત મહિલા ઉદ્યોગસાહસિકો માટે ખાસ પ્રોત્સાહનો જાહેર કરાયા છે:

- ૧% ની વધારાની વ્યાજ સબસિડી (Interest Subsidy).
- કરિયર બ્રેક બાદ પરત ફરતી મહિલાઓ માટે રિફ્રેશર સ્કિલ પ્રોગ્રામ્સ
- ૫ વર્ષ સુધી ૭૫% સુધીની રેન્ટલ આસિસ્ટન્સ (ભાડા સહાય).

### ૬. ઈકોનોમિક માસ્ટર પ્લાન અને ગ્લોબલ લિન્કેજીસ

સરકારે મધ્ય ગુજરાત માટે ૨૦ વર્ષનો સેન્ટ્રલ ગુજરાત ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. જે અંતર્ગત:

- વડોદરાને ભારતના સૌથી મોટા બાયો-ઈકોનોમી હબ તરીકે વિકસાવાશે.
- છોટાઉદેપુરને સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવામાં આવશે.
- GIFT સિટીએ વિયેતનામના દા નાંગ (Da Nang) વહીવટીતંત્ર અને વૈશ્વિક સંસ્થાઓ સાથે એમઓયુ કર્યા છે, જે સ્થાનિક ફિનટેક અને વ્યવસાયોને આંતરરાષ્ટ્રીય સ્તરે એક્સપોઝર અપાવશે.

મધ્ય ગુજરાત હાલમાં રાજ્યના કુલ મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૨૮% અને નિકાસમાં ૨૦.૫ અબજ ડોલરથી વધુનું યોગદાન આપે છે. વડોદરા રિઝનલ સમીટની આ સફળતા દર્શાવે છે કે આપણા MSMEs હવે માત્ર સ્થાનિક સપ્લાયર્સ નથી રહ્યા, પરંતુ ગ્લોબલ સપ્લાય ચેઈનનો હિસ્સો બનવા સજ્જ છે.

**'વિવિધ સમાચાર માધ્યમો'માંથી સંકલન**

FIA

UNITED WE GROW

# FIA TIMES

## ADVERTISEMENT TARIFF 2026-27

**• Reach the Business Community Across Gujarat •**

| TYPE | 1 ISSUE | 3 ISSUE | 6 ISSUE |
|---|---|---|---|
| Title Page-4 | Rs.1,00,000 | Rs.2,00,000 | Rs.4,00,000 |
| Title Page-3 | Rs.50,000 | Rs.1,20,000 | Rs.2,00,000 |
| Title Page-2 | Rs.50,000 | Rs.1,20,000 | Rs.2,00,000 |
| Inside Full Page | Rs.20,000 | Rs.50,000 | Rs.1,00,000 |
| Inside Half Page | Rs.10,000 | Rs.25,000 | Rs.40,000 |
| Inside Quarter Page | Rs.7,500 | Rs.15,000 | Rs.20,000 |

- **GST @18%** will be charged extra on above rates.
- Size of Magazine: **A4 (21cm x 28cm)**.
- Advertisement design will be provided by party in soft copy only in **Cdr./jpg/pdf** format.

**₹ PAYMENT SHOULD BE 100% ADVANCE**

**CONTACT**

(M) 9925007221 | fiagujarat@gmail.com

**FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)**



**Shri Narendrabhai Modi**
Hon'ble Prime Minister

# Gujarat Industrial Development Corporation

A Government of Gujarat Undertaking



**Shri Bhupendrabhai Patel**
Hon'ble Chief Minister, Gujarat

## Key Projects

### PM Mitra Park:

- Spread over 462 Hectares in Vansi, Navsari.
- Offers integrated facilities for spinning, weaving, dyeing, and printing, while fostering innovation, training, and exports through world-class infrastructure, enhancing competitiveness.

### Bulk Drug Park:

- Spread over 815 Hectares in Jambusar, Bharuch.
- Aims at reducing API imports and enhancing domestic pharmaceutical manufacturing capacity.

## Advantages of GIDC Industrial Estates

- **Removes the need for NA / NOC permissions**
- **Land/building titles are free from encumbrances**
- **State-of-art infrastructure and facilities**
- **Quality water supply and adequate power supply**
- **Regular maintenance of infrastructure**
- **Competitive allotment price with flexi-payment options**

## 18* Upcoming Industrial Parks spread across ~2376 Hectares

*Including PM Mitra and Bulk Drug Park




**General Parks**
A multi-sector industrial zone.

**Agro Food Park- Chhapra, Rajkot and Mudetha, Banaskantha-**
State-of-the-art parks to accelerate food processing and agri-business excellence.

**Medical Device Park- Nagalpar, Rajkot**
Dedicated hub at Nagalpar to boost medical device manufacturing and innovation.

**Vehicle Scrappage Park -Nava Madhiya, Bhavnagar**
A facility at Nava Madhiya to promote sound dismantling and scrapping of end-of-life vehicles.

**Ceramic Park- Jambudiya, Morbi**
Dedicated to enhancing Gujarat's globally renowned ceramic industry.

**GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION**
A Government of Gujarat Undertaking
Block 3,4,5, Udhyog Bhavan, Sector-11, Gandhinagar 382011, Gujarat, India.
Phone: 9879110007/23250636/23250637
Email: ipdesk@gidcgujarat.org, Website: www.gidc.gujarat.gov.in

To know more, please scan.